

# અધ્યાત્મ

વર્ષ : ૩ અંક ૨ નવેમ્બર-૧૯૮૧

# સાચી દિવાળી

તમારી જાતને સંપૂર્ણપણે નવી બનાવવાનો પ્રયાસ કરો. યાદ રાખો કે માનવ જીવનનો અંતિમ આદર્શ ઈશ્વરપ્રાપ્તિ છે, ને તે આદર્શની સિદ્ધિ માટે સતત પુરુષાર્થ કરો. આમ કરવાથી તમારું તન ને મન પલટાઈ જશે, નવું બનશે, ને એક નવું ને વધારે સુખમય જીવન તમારી સામે ખુલ્લું થશે. આ જીવનનો આનંદ અનેરો હશે. સતત શ્રદ્ધા, ધીરજ, હિંમત. તપશ્ચર્યાને મહત્વાકાંક્ષા વિના જીવનનું આ ધ્યેય સિદ્ધ થઈ શકાતું નથી. આ ધ્યેયની સિદ્ધિ થાય એ પ્રત્યેક માનવને માટે જરૂરી છે. તે વિના જીવનમાં શાંતિ ને પૂર્ણતા પ્રકટી શકતી નથી. આ વસ્તુ સિદ્ધ થશે ત્યારે જીવનમાં ખરું નવું વરસ સિદ્ધ થશે; એટલું જ નહિ, પ્રત્યેક પળ નવી બની જશે ને એ આનંદને શાંતિની પ્રાપ્તિ થશે જે કોઈ કાળે ને સંજોગોમાં નષ્ટ નહીં થાય. આજ સાચી દિવાળી, સાચું નવું વરસ કહેવાશે.

—યોગેશ્વર



શ્રીયોગેશ્વરજી અને શ્રીસર્વેશ્વરી મા

## તમારું બધું

અખિલ જગત પદચિહ્ન તમારું.
પદચિહ્ન અસંખ્ય પુનિત એવાં
સર્જન અંગ તમારું ન્યારું.
અખિલ જગત પદચિહ્ન તમારું.

સાધારણ છાયા શીતળશી
મર્ત્ય જગત આખુંય અમારું;
સપ્તલોકની છાંય અનોખી,
તમે પ્રદીપ અન્ય અજવાળું.
અખિલ જગત પદચિહ્ન તમારું.

હુંય તમારો તમે અમારા
ચંદ્ર ચાંદની જેમ જ ચારુ;
સ્નેહ તણો સંબંધ સનાતન,
તમારું બધું બન્યું અમારું.
અખિલ જગત પદચિહ્ન તમારું.

—યોગેશ્વર.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૩ અંક : ૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮
**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની
**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ
**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ મંઝા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની
**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| મનનું મહત્ત્વ | ૨ | શ્રી યોગેશ્વર. |
| આપણા પ્યારા મા | ૫ | રાજુ પુરોહિત |
| શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત | ૧૦ | નારાયણ ઉ. જાની |
| ચિંતન-કણિકા | ૧૭ | શ્રીભુપતભાઈ દેસાઇ |
| શ્રેયયાત્રા-૧૫ | ૨૦ | ભાઈલાલભાઈ છાટબાર |
| ઈશ્વરની શોધ | ૨૫ | અતિસુખલાલભાઇ શેઠ |
| પ્રકાશના પંથે | ૨૬ | શ્રી યોગેશ્વરજી |
| ધ્યાન વેળાએ આવતા વિચારોને કેમ નિમૂળ કરવા? | ૨૯ | મંગળદાસ પંચાલ |
| દિલડાનો રંગ | ૩૪ | કમળાબેન ઠક્કર |
| તારા દર્શન વિના | ૩૫ | |
| હે હરિ! | ૩૬ | રણજિત પટેલ |
| શ્રીપ્રભુભાઈ ભક્ત | ૩૭ | શ્રીસર્વેશ્વરી |
| **"ओम् इत्येकक्षरम् ब्रह्म"** | ૪૧ | કુ. મધુરિકા જોષી |
| માન્યતાની કેદ | ૫૦ | મણિભાઇ ર. દવે |
| નૌલિ | ૫૩ | શ્રી મણિભાઈ શાહ |
| વેદો કલ્પતરુ છે. | ૫૭ | પ્રા. જનાર્દન દવે |
| રામકથા (૮) | ૬૦ | શ્રી યોગેશ્વરજી |


### શ્રી યોગેશ્વરજી અમેરિકામાં

પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરી કેનેડાનો ૨૫ દિવસનો પ્રવાસ પૂરો કરી, કેલિફોર્નિયા (યુ. એસ. એ.) સ્ટેટમાં SANTA ANA તા. ૧-૧૧-૮૧ ના રોજ પહોંચ્યા છે.

કેનેડામાં પ. પૂ. શ્રીના યજમાન શ્રી. સુરેશભાઈ મોહનલાલ શાહે તેઓનું ખૂબ પ્રેમપૂર્વક સ્વાગત કર્યું ને તેઓશ્રીના પ્રવાસ અને પ્રવચનો અંગેની વ્યવસ્થા કરી હતી.

શ્રી. સુરેશભાઇ ને તેમના પિતાજી છેલ્લા ત્રીસ કરતાં વધુ વર્ષોથી તેઓશ્રીના પરિચયમાં છે.

# અધ્યાત્મ


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

વર્ષ : ૩ નવેમ્બર-૧૯૮૧ અંક : ૨


## મનનું મહત્વ

શાસ્ત્રો તથા સત્પુરુષોએ મનને બંધન અને મોક્ષનું, શાંતિ અને અશાંતિનું, અભ્યુદય અને અધઃપતનનું, સુખ તેમજ દુઃખનું, એક માત્ર અગત્યનું કારણ કહી બતાવ્યું છે. એમનાં અભિપ્રાયને અનુસરીને વિચારીએ તો મન જ સંવાદ તથા વિસંવાદનું, સ્થિરતા અને અસ્થિરતાનું મૂળભૂત કારણ છે. એ એક એવું અમોઘ અસરકારક માધ્યમ છે જેની મદદથી આત્મોન્નતિના ક્ષેત્રે સફળતા સહિત સંગીન રીતે પણ આગળ વધી શકાય અને પાછળ પણ પડી શકાય. એ સ્વર્ગની સૃષ્ટિ પણ કરે છે ને નરકનાં નિર્માણમાં પણ નિમિત્ત બને છે. પળમાં પ્રસન્નતા તો પળમાં અપ્રસન્નતા, ક્ષણમાં આહ્લાદ તો પળમાં અવસાદ ધરે છે.

સામાન્ય રીતે પરંપરાગત પ્રાચીન કહેવત ચાલી આવે છે કે માનવ જેવા વિચારોને સેવે છે તેવો જ ઓછાવત્તા પ્રમાણમાં બને છે. વિચારોનો પ્રભાવ વ્યવહાર પર અથવા મનનો પ્રભાવ તન પર પડે છે. માટે જ કહ્યું છે કે " તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ " મારું મન પવિત્ર વિચારોથી સંપન્ન બનો.

એક પુરુષને ઘરનાં બધાં જ પ્રેમભાવે જોયા કરતાં. એમની પત્ની પણ એની સાથે પ્રેમપુર્વક વ્યવહાર કરતી, પરંતુ એમના મનમાં કોણ જાણે કેમ પણ એવી અવિદ્યામૂલક ગ્રંથિ થએલી કે દુનિયામાં મારું કોઈ જ નથી અને મારા પ્રત્યે કોઇને પ્રેમ નથી. એટલે એ અહર્નિશ ઉદાસ રહેતા. એમની આજુબાજુનું અસાધારણ ઐશ્વર્ય

પણ એમને આનંદ આપી શકતું નથી. આખરે એમણે અવસાદ-ગ્રસ્ત બનીને આપઘાત કર્યો. બીજા પુરુષે પોતાનાં મનને એવી રીતે કેળવ્યું કે સૌ પ્રત્યે પ્રેમભાવ પ્રકટે અને સૌ કોઈ સારું જ લાગે. પરિણામે એમનું જીવન અભાવ અને આપત્તિ વચ્ચે પણ આનંદ અનુભવવા લાગ્યું. એ એમનાં જીવનને ઉત્સવમય બનાવી શક્યા.

એટલે મન પર જીવનનો આધાર છે. એટલા માટે તો આધ્યાત્મિક ઉત્કર્ષને માટે કરાતી સઘળી સાધનાઓ મનને વિશુદ્ધ, ઉદાત્ત, અનાસક્ત બનાવવા માટેની પ્રેરણા પૂરી પાડે છે. જ્ઞાન, ભક્તિ યોગ કે કર્મદ્વારા છેવટે તો મનની સર્વતોમુખી સંશુદ્ધિ જ સાધવાની છે. મન સંશુદ્ધ અને સમુદાત્ત બનશે એટલે વાસનારહિત, ક્લેશરહિત બંધનમુક્ત બનશે, અંદરથી જ શાંતિ અથવા આનંદનો અનુભવ કરશે. પોતાના મૂળાધાર જેવા સચ્ચિદાનંદરૂપ પરમાત્માનાં સાક્ષાત્કારનાં સર્વોત્તમ સુખસ્વાદને પામીને કૃતાર્થ બનશે.

**શ્રી યોગેશ્વરજી**


ભગવાનને સાથે રાખી કામ કરવાથી પાપોથી બચાય છે ને કાર્યમા સફળતા પણ મળે છે.

**શ્રીયોગેશ્વર**

PHONES : 292826. 295639 RESI: '441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

**S. V. Enterprise**

**J. V. SHAH**

**Worldwide Exporters**

203, Shara Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.




# આપણાં પ્યારાં મા

—રાજુ પુરોહિત

[આગામી નવેમ્બરની તા. ૧૩મીએ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન છે. એ શુભદિને મહાત્મા શ્રી યોગેશ્વર પરિવારના બધાજ સાધક ભાઈબહેનો તેઓશ્રી પ્રત્યે મંગલ ભાવનાઓ પ્રદર્શિત કરે એ સ્વાભાવિક છે. પ્રભુ એમને ખૂબ સ્વાસ્થ્યપૂર્ણ લાંબુ આયુષ્ય આપે ને પૂ.શ્રી. યોગેશ્વરજીની દીર્ઘકાળ પર્યંત સેવા કરતાં, અનેક આત્મિક વિકાસ ઝંખતા સાધકોને તેઓ પ્રેરણા પાઈ, પથપ્રદર્શન કરતાં રહે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

આ લેખના લેખક શ્રી. રાજુભાઈ પુરોહિત–એક યુવાન ભાવના ને ભાવશીલ સાધક છે. પ. પૂ.શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માના સંપર્કમાં આવ્યા પછી એમના જીવનમાં આધ્યાત્મિક પ્રગતિની ભૂખ તીવ્ર બની છે. તેઓ ભાવનાશીલ હોવા છતાં સારી એવી બૌદ્ધિક પ્રતિભા પણ ધરાવે છે. તેઓ કલાભવન વડોદરામાં લેક્ચરર છે. પૂ.શ્રીની માંદગી પ્રસંગે હોસ્પીટલમાં ને તે પછી આરૂલ ફ્લેટ્સમાં, તેઓએ બનતી સેવા કરી છે. એના પરિણામે પૂ.શ્રી. સર્વેશ્વરી મા સાથેનો એમનો પરિચય ગાઢ બન્યો ને તેઓનાં પ્રેમ તથા વાત્સલ્ય માણવાનું સૌભાગ્ય પણ તેમને મળ્યું. પરિણામે પૂ. માના જીવનને ખૂબ નજીકથી જોવાની તક તેમને મળી. એટલે જ એક અંતરંગ સાધકની સહજતાથી તેઓએ પૂ. મા વિષે આ ભાવપૂર્ણ લેખ લખ્યો છે —તંત્રી ]

"મા," કેવો મધુરો શબ્દ !

મા, નવડાવે, ધવડાવે, ખવડાવે; સુવાડે અને વળી જગાડે,

જરુર પડે ત્યારે આંખો કાઢે, વેલણ બતાડે, ધોલ-ધપાટ મારી પણ દે, પરંતુ રડીએ એટલે ફરી પાસે ખેંચી ગોદમાં લઈ પ્રેમથી નવડાવી પણ દે! એ જન્મદાત્રી માને ન ચાહે તેને શું કહેવું? બાળક પેટમાં હોય ત્યારથી છોકરાને ઘરે છોકરાં થાય ત્યાં સુધી, અને તે પછી પણ—મા પોતાના સંતાન પ્રત્યે જે પ્રેમ, જે લાગણી અને સદ્‌ભાવથી જુએ છે, વિચારે છે, તેવું જગતમાં બીજું કોણ હશે?

"મા." હા, તે મધુરો શબ્દ આંખમાં પ્રેમાશ્રુ લાવે છે; હૃદયમાં જે આનંદ અને સમર્પણની ભરતી જગાડે છે, જે પવિત્રતા અને નિઃસ્વાર્થતા પર રચાયેલ સંબંધની યાદ આપે છે—તેની તોલે મુકવા જેવો બીજો શબ્દ આપણી પાસે છે ખરો? શું એટલા માટે જ શ્રીરામકૃષ્ણદેવે કહ્યું નહિ હોય? "ઈશ્વરને મા સ્વરૂપે ભજવો તે અધ્યાત્મ જીવનની પરાકાષ્ઠા છે." જેમ બાળકને માટે મા તે જ ઈશ્વર, તેમ ભક્તને માટે ઈશ્વર તે મા. માટે જ એક ગીતમાં નથી કહ્યું? "ઉસકો નહિ દેખા હમને કભી...પર ઉસકી જરુરત ક્યા હોગી? હે મા...તેરી સુરત સે અલગ ભગવાન કી સુરત ક્યા હોગી?"

પ્રથમ શિક્ષક માતા એ ખરું. પણ આદર્શ શિક્ષકે પણ ગુરુએ પણ; માતા બનવું જ પડે—તો જ તે આદર્શ ગુરુ બની શકે. પોતાના બાળકને જેટલું મા સમજી શકે તેટલું બીજું કોણ સમજી શકે? ગુરુ એ મા જ છે. ઈશ્વર પણ મા જ છે. માટે જ 'આપણાં મા' એ સાધક ભાવમાં નથી ગાયું? "યોગેશ્વર માવડી રે...જનમો જનમની." જ્યારે થનગનતી યુવાની જીવનમાં આવી ત્યારે જ્ઞાનદીપ પ્રગટાવી પ્રભુપંથે મને વાળી 'ન્યારી' બનાવી. સદ્‌ભાગી બનાવી. હા, માનું કામ પણ એ જ છે ને? પોતાના બાળકને સન્માર્ગે લઈ જવાનું. અને જે માને શરણે આવ્યો-બાળક બન્યો.



સરળ, નિર્દોષ, સમર્પિત—તેનું મા કેટલું બધું ધ્યાન રાખે છે? તેને પછી ભય, ચિંતા સતાવી શકે ખરાં? આપણા પૂ. ગુરુદેવ જ્યારે "મા, મને દર્શન દે; મા મને દર્શન દે" એમ પોકારતા પોકારતા સમસ્ત જગતનું સંચાલન કરનારી—અદશ્ય પણ સર્વત્ર વ્યાપ્ત એ પરમ શક્તિ ને આરાધતા હશે, પ્રાર્થતા હશે, ત્યારે કેવા લાગતા હશે? પવિત્રતા, પ્રાર્થના અને પ્રેમના બળે પોતે પ્રભુરૂપ બની ગયા. આવો છે માના પ્રેમનો પ્રભાવ. અધ્યાત્મ પંથે—પ્રકાશના પંથે પ્રયાણ કરતાં સાધકને માનો સહારો મળી જાય પછી શી ચિંતા! ઠાકુર કહેતા "મા જેની સહાયક છે, તેને માયા શું કરી શકે?

પરમ સદ્‌ભાગી છીએ આપણે સૌ સાધકો. આપણને પૂ. મા મળ્યાં. પૂ. ગુરુદેવ ને જ્યારે "આપણાં મા" કહી પૂ. મા વિશે વાતો કરતા જોઈએ ત્યારે તેમના હૃદયના ભાવો ને તેમના શબ્દોમાં! બાળક જ્યારે 'મા' કહે—ત્યારે—"તે મારું સર્વસ્વ છે" એવો તેના મનમાં ભાવ જન્મે તો તે બાળક-ભક્ત સાચો. પૂ. શ્રી જે દૃષ્ટિએ પૂ. માને જુએ છે તેમ કોણ જોઈ શકશે? તેમના સરળ શબ્દોમાં કેટલી બધી સ્પષ્ટતા છે? "તે મા જ છે. તેમને ઓળખશે તે ધન્ય બની જશે.!"

પૂ. શ્રી ક્યારેક કહે છે—"પૂ. મા મારી પ્રાર્થનાઓનો જવાબ છે." પણ ના...પૂ. મા ફક્ત પૂ. શ્રી ની પ્રાર્થનાનો જવાબ જ માત્ર નથી, પરંતુ આપણા સૌ પ્રત્યેના પ્રેમ અને કરુણાથી વાત્સલ્યથી પણ ખેંચાઈને પણ પૂ. મા અવની પર આવ્યાં છે. શું મા તેમ કર્યા વગર રહી શકે ખરી? 'કેવાં છે આપણાં મા?

મીઠાં, મધુરાં છે, કુસુમ વદન.
પ્રેમે જોતાં લાગે સ્વર્ણ સદન!

હા, મને યાદ આવે છે. તા.૧૧-૧-૭૯ ની એ ભવ્ય રાત્રિ. 'સર્વેશ્વરી તીર્થ' માં પૂ. મા સાથે રાજુ એકલો જ હતો. રાતના લગભગ બાર વાગ્યા હશે. પૂ. માનુ. સુવર્ણ સમાન કાંતિમય શરીર જોઈ હું દંગ થઈ ગયો ! આવું તેજોમય પરમસૌંદર્યમય સ્થૂળ સ્વરૂપ મેં ક્યાંય જોયું નથી. પૂ. મા તે રાત્રિએ પુરાં ખીલ્યાં હાંત. પોતાની ભાવવાહી રચનાઓ એક પછી એક ખુબ પ્રેમ અને આનંદપૂર્વક પોતાના નાનકડા બાળકને સંભળાવતાં હતાં. પૂ. મા ઉભાં થયાં અને કબાટમાંથી બીજી ડાયરી કાઢી. અને પછી તે પલંગના ટેકે તેમાંથી ઉભા ઉભા જ-પ્રભુ પ્રેમમાં મસ્ત બની ગાતાં હતાં. આ વખતે પૂ. મા નું અદ્ભુત સૌંદર્ય અનુભવ્યું. ખુલ્લી આંખે-જાગૃતિપૂર્વક જોયેલું એ દશ્ય ભ્રમ કઈ રીતે હોઈ શકે ?

પૂ. માના ત્યાગ, સમર્પણ, તપ અને પ્રેમની વાતો સાધકો કરતાં થાકતા નથી. ખબર નહિં કેમ ? પૂ. માના વ્યક્તિત્વમાં એવું કંઈ છે કે વિરોધીઓને પણ પોતાનાં કરી લે છે. સરળતા-આનંદ અને વાત્સલ્ય મૂર્તિ પૂ. મા જ્યારે રમુજ કરતાં હોય ત્યારે મન કહે છે, 'વાહ-મા. તમે પણ ખરી લીલા કરો છો અને અમને ભૂલમાં નાખવા પ્રયત્ન કરો છો ! પણ હવે અમે તમને છોડવાના નથી. એમાંય યુવાન સાધકો માટે તો મા પરમ પ્રેરણાદાયી થઈ પડયાં છે. જે વાતો ગુરુદેવ પાસે કરતાં સંકોચ થાય તે વાતો મા ને કરાય. અને હા, પૂ. મા દ્વારા કોઈ મહત્વનું કામ પણ કઢાવી લેવાય !

પૂ. માની ડાયરીઓ દ્વારા સાધકો પૂ. શ્રી ના અંતરંગ જીવનથી વાકેફ થયા છે. પૂ. માનાં પ્રેમભર્યાં ભજનો સૌને પોતાની લાગણી પ્રભુ પાસે વ્યક્ત કરવા માટે વાહકરૂપ બન્યાં છે. પૂ. મા ના આધ્યાત્મિક વાર્તાલાપો દ્વારા અનેક



ભક્તોને પ્રેરણા મળી છે. પોતાને આટલું બધું માન અને પ્રેમ મળતો હોવા છતાં પૂ. મા તદ્દન સરળ ને સહજ જ રહ્યાં છે. અંદરથી જાગૃત પણ પુરાં છે. પૂ. ગુરુદેવની સર્વભાવે સેવા કરે છે; અને પોતાનું જીવન સાધનાપરાયણ, નિયમિત અને સાદું બનાવ્યું છે. જપ, પ્રાર્થના, ધ્યાન, ગીતાપાઠ, યોગાસનોમાં પૂ. શ્રી જેટલાં જ નિયમિત છે અને અવારનવાર પારાયણો કરી અન્યને પણ પ્રેરે છે.

એક વખત મેં મારી જન્મદાત્રી મા ને પ્રશ્ન પૂછયો, "મા, તું મને કયારથી ઓળખે છે ?" !! તે જવાબ ન આપી શકી. મૌન જ રહી. પ્રેમથી મને પોતાની પાસે ખેંચી લીધો. વહાલથી નવડાવી દીધો.

આથી ઉત્તમ જવાબ કયો હોઈ શકે ?

આવો જ સવાલ સાધકોને પુછીએ કે, "પૂ. મા ને તમે કયારથી ઓળખો ?" તો સાધકો જવાબ નહિ જ આપી શકે. એક વખત પૂ. માએ મને પૂછેલું-જ્યારે પૂ. મા 'મા' સંબોધન સ્વીકારવા તૈયાર નહોતાં ત્યારે-"તમે મને 'મા' શા માટે કહો છો ? અનુભૂતિ-બનુભૂતિ છે કે ?" મેં કહ્યું, માને ઓળખવા માટે અનુભૂતિની જરૂર પડે ખરી ? ત્યારે મા હસી પડેલાં. પૂ. માએ સૌ પ્રથમ વખત વડોદરા રેલ્વે સ્ટેશને જે વહાલથી પ્રેમથી મારા માથા-ખભાપર હાથ ફેરવી પૂ. મા સંબોધનનો સ્વીકાર કર્યો તે ધન્ય દિવસનું સ્મરણ આજે પણ હૃદયમાં આનંદની ભરતી જગાડે છે.

એવાં આપણાં પ્યારાં મા નો જન્મદિન ૧૩ મી નવેંબર. આવો-તે પ્રસંગે પૂ. મા ને પ્રાર્થના કરીએ.

"મા-અમને વહાલપુર્વક-પ્રેમપૂર્વક પ્રકાશને પંથે દોરી જાઓ. પૂ. ગુરુદેવ અને આપની પૂર્ણકૃપાને લાયક બનાવો.

( અનુસંધાન પાના ૪૯ ઉપર )

# શ્રી. મહેન્દ્રનાથ ગુપ્ત. ( હપ્તો પાંચમો )

રામકૃષ્ણ પરમહંસના અનન્ય ભક્ત

નારાયણ હ. જાની

એક ભક્તઃ-ગુરુદેવ, કોઈ દુષ્ટ માણસ આપણને હેરાન કરે અથવા હેરાન કરવા પ્રયત્ન કરતો હોય, તો શું આપણે શાંત રહેવું ?

શ્રી રામકૃષ્ણઃ-જ્યારે તમે દુનિયામાં રહો છો, જ્યાં અનેક પ્રકારના માણસોના સંસર્ગમાં તમારે આવવાનું થાય છે, ત્યારે જરૂર પડયે, રક્ષણ માટે તમારે પ્રતિકારનો દેખાવ તો કરવો જરૂરી છે. પરંતુ એ ધ્યાન રાખો કે ખરાબ કરનારનો બદલો સામું ખરાબ કરીને ના વાળતા. આ માટે એક વાત કહું તે સાંભળો.

કોઇ એક ગૌચરના મેદાનવાળા પ્રદેશમાં ગોવાળિયા ઢોરો ચરાવતા, ત્યાં એક ઝેરી સાપ રહેતો હતો. આથી દરેક જણ એનાથી બીતો અને તેનો ભેટો ન થઈ જાય તેનું ધ્યાન રાખતો.

એક દિવસ કોઈ એક સંત પુરુષ એ મેદાનના રસ્તેથી પસાર થઇ રહ્યા હતા. તે જોઇને ગોવાળો એમની પાસે દોડી આવ્યા ને કહેવા લાગ્યા, "હે મહાત્મા, એ રસ્તે ના જતા. ત્યાં એક ભયંકર ઝેરી સાપ રહે છે :

આ સાંભળી તે મહાત્માએ કહ્યું, " અરે છોકરાઓ, એ એ ભલે ત્યાં રહ્યો. તમે એની ચિન્તા ન કરો. મને એનો કોઈ ભય નથી, કારણ કે નાગને વશ કરવાની ગૂઢ વિદ્યા હું જાણું છું. "

આમ કહી તે મહાત્મા એ રસ્તા ઉપર આગળ ચાલવા



લાગ્યા. પરંતુ ગોવાળોમાંથી કોઈથી હિમ્મત એમની પાછળ જવાની ના ચાલી. ત્યાં તો સાપ અચાનક દેખાયો અને તેણે ફણા પ્રસરાવી. પરંતુ જેવો એ મહાત્માની નજીક ઊંચી ફણા સાથે પહોંચ્યો કે એમણે સાપને વશ કરવાનો મંત્ર બોલવા માંડયો. પરિણામે જાણે કે કોઈ ગરીબડો કીડો હોય તેમ નિસ્સહાય બનીને એમનાં ચરણોમાં પડી ગયો.

પછી તે મહાત્માએ સાપને પૂછ્યું, " અલ્યા ભાઈ, તું શા માટે બીજાઓને પરેશાન કરતો ફરે છે ?" હું તને એક મંત્ર આપું છું એ ભગવાનના મંત્રનો જપ તું જેમજેમ કરતો જઇશ, તેમ તેમ બીજાઓને હેરાન કરવાની તારી વૃત્તિમાંથી તું મુક્ત થઇ જઇશ."

આમ કહી તે મહાત્મા પુરુષે સાપના કાનમાં પવિત્ર મંત્ર-નો ઉચ્ચાર કર્યો. અને એ સાપ આ રીતે મંત્રથી દીક્ષિત થવાથી, ગુરૂના ચરણમાં પ્રણામ કરીને પૂછવા લાગ્યો, " હે ગુરુદેવ, મારે હવે કયા નિયમો પાળવા પડશે ?" મહાત્માએ કહ્યું " મેં આપેલા મંત્રનો જપ કર અને કોઇને ઉપદ્રવ ન કરતો." પછી ત્યાંથી રવાના થતાં પહેલાં એમણે કહ્યું, " હું ફરી પાછો અહીં આવીશ."

સમય જતાં ગોવાળોને ખબર પડી ગઈ કે સાપ હવે કોઇને કરડતો નથી. એથી તેઓ એને પત્થર મારવા લાગ્યા પરંતુ સાપ હવે ગુસ્સે થતો નથી. તે અળસિયાની જેમ વર્તવા લાગ્યો. એક દિવસે એક ગોવાળે એને પૂછડીથી પકડી, ગોળગોળ ફેરવી, ભૂમિ પર પછાડ્યો. સાપના મુખમાંથી લોહી વહેવા લાગ્યું ને તે ભૂમિ ઉપર બેશુદ્ધ થઈને પડયો. હવે તેનામાં જીવન હોવાનાં કોઈ ચિહ્નો ન જણાતાં, તે મરી ગયો છે માનીને ગોવાળ છોકરાઓ જતા રહ્યાં.

પરંતુ અર્ધી રાત થતાં, એને થોડી કળ વળી. એટલે

મહામુશ્કેલીથી તે ઘસડાઇને પોતાના દર સુધી પહોંચ્યો. એનું શરીર છૂંદાઈ ગયું હતું. એટલે ખૂબ મુશ્કેલીથી તે ઘસડાઈ શકતો. આમ ઘણા દિવસો વીતી ગયા. સાપનું શરીર સૂકાઈને હાડપિંજર જેવું થઈ ગયું. પછી તે ફક્ત રાત્રે એક વખત જ ખોરાક માટે દરમાંથી બહાર નીકળતો. છોકરાઓના ભયને લીધે, તે દિવસે બહાર આવતો જ નહિ. એણે મહાત્માએ આપેલી ભગવાનના નામની મંત્ર દીક્ષા પછી કદી કોઇને દુઃખ આપ્યું ન હતું. તેણે પાંદડા ને ભોંય પર પડેલાં ફળોનું ભક્ષણ કરી; જેમ તેમ શરીર ટકાવી રાખ્યું હતું.

એકાદ વર્ષ પછી, પેલા મહાત્મા પુરુષ ફરી પાછા એ રસ્તેથી નીકળ્યા. એમણે પેલા ગોવાળોને સાપના બારામાં પૂછ્યું. ગોવાળોએ કહ્યું કે 'તે તો મરી ગયો છે.' પરંતુ મહાત્માએ એ સાચું ન માન્યું; કારણ કે એઓ જાણતા હતા કે જે મંત્ર એને આપેલો, તેના ફલસ્વરૂપ ભગવાનના દર્શન વિના એનું મૃત્યુ થાય નહિ. આથી તેઓએ તેને દીક્ષા પ્રસંગે આપેલા નામથી બોલાવી શોધ કરવા માંડી. ગુરુનો સાદ સાંભળીને તે દરમાંથી બહાર આવ્યો અને એમના ચરણોમાં ખૂબ ભક્તિભાવ-પૂર્વક પ્રણામ કર્યા.

ગુરુએ પૂછ્યું, "કેમ છે ભાઇ? આવો દુબળો કેમ થઈ ગયો છે?

સાપે જવાબ આપ્યો. "ગુરુજી, તમે મને જે દિવસથી મંત્રદીક્ષા આપી તે દિવસથી હું કોઈને કરડયો નથી. અને માત્ર પાંદડાં ને ફળ ખાઈ રહ્યો છું. એટલે દુબળો લાગતો હોઇશ." કારણ કે મંત્રજપના પરિણામે સાપના હૃદયમાં એવી પવિત્રતા પેદા થયેલી કે એને કોઇના પ્રત્યે દુર્ભાવ ન હતો. એટલે એ લગભગ ભૂલી જ ગયો હતો કે ગોવાળોએ એને કેવો અધમૂવો કરી દીધો હતો.



મહાત્માએ કહ્યું, "તારા ખોરાકથી તું આવો દુબળો થઈ જાય એ માન્યામાં આવતું નથી. એ માટે બીજું કોઇ કારણ હોવું જોઇએ. જરા એ યાદ કરી જો."

પછી સાપને યાદ આવ્યું કે ગોવાળોએ એને ભૂમિ ઉપર જોરથી પછાડેલો. એટલે એણે કહ્યું, "હા ગુરુદેવ, હવે મને યાદ આવે છે. એક દિવસ ગોવાળોએ મને જોરથી જમીન ઉપર પછાડેલો. તેમણે તો કેવળ અજાણતાં આમ કરેલું કારણ કે મારૂં હૃદય પરિવર્તન થયું છે, એની એમને કેમ ખબર પડે? "હવે હું કોઇને હેરાન કરવાનો નથી કે કરડવાનો નથી, એની એમને કેવી રીતે ખબર પડે?"

મહાત્માએ કહ્યું, "અરે મૂર્ખ, ધિક્કાર છે તને! તારી જાતનું રક્ષણ કેમ કરવું એય તને નથી આવડતું? મેં તો તને કરડવાની ના કહી હતી. મેં થોડો ફૂંફાડો મારવાની ના પાડી હતી! તેં તારા ફૂંફાડાથી એમને ભય પમાડી ભગાડી શા માટે ન મૂકયા?"

"તમારે પણ દુર્જનો સામે ફૂંફાડો તો રાખવો જોઇએ, જેથી તેઓ ભયથી આઘા રહે. નહિ તો તેઓ તમને હેરાન કરવાના. તમારે ખ્યાલ એ રાખવાનો કદી એમની પ્રત્યે દ્વેષ ન રાખવાનો. એમનું અહિત થાય તેવું કદી નહિ કરવાનું"

શ્રી. રામકૃષ્ણઃ-આ દુનિયામાં ચાર પ્રકારના લોકો છે. પહેલા બદ્ધ જીવો. જેઓ દુનિયાદારીની પ્રવૃત્તિમાં જ રચ્યા પચ્યા રહે છે, બીજા મુક્તિની ઝંખના રાખનાર, ત્રીજા મુક્તાત્માઓ અને ચોથા સદાકાળ મુક્ત.

સદામુક્ત આત્માઓમાં શ્રીનારદ અને એમના જેવા બીજાઓનો સમાવેશ થાય છે, જેઓ માનવજાતના કલ્યાણ માટેજ દુનિયામાં રહે છે અને બીજાઓને મુક્તિના પંથે જવાનું માર્ગદર્શન પૂરૂં પાડે છે.

બદ્ધ જીવો કેવળ દુન્યવી પદાર્થોનીજ લહુરથા કર્યા કરે છે. તેઓ ભગવાનને ભૂલી ગયા હોય છે અને એના વિષે કદી વિચાર સુદ્ધાં કરતા નથી.

મુમુક્ષુ આત્માઓ મુક્તિ મેળવવા પ્રયાસો કરે છે. તેમાંના કેટલાક મુક્તિ પામે છે, જ્યારે બીજાઓ તેને પામી શકતા નથી.

મુક્તાત્માઓ કદી કામિની ને કાંચનનો શિકાર બનતા નથી. તેઓમાં સાધુઓ ને સંત મહાત્માઓનો સમાવેશ થાય છે. દુન્યવી પદાર્થો પ્રત્યેની આસક્તિનો છાંટો પણ તેઓમાં હોતો નથી. એમની વૃત્તિ તો સદાકાળ ભગવાનનાં ચરણોમાં લાગેલી રહે છે.

તળાવના પાણીમાં જ્યારે જાળ નાંખવામાં આવે, ત્યારે કેટલીક માછલીઓ એવી હોંશિયાર હોય છે કે જાળમાં પકડાયજ નહિ. આ સદાકાળના મુક્તાત્માઓ જેવી હોય છે.

જ્યારે મોટા ભાગની બીજી માછલીઓ જાળમાં પકડાઈ જાય છે. પકડાયા પછી કેટલીક છૂટવા માટે મથામણ કરે છે. તેઓ મુમુક્ષુ આત્માઓ જેવી છે, પરંતુ પ્રયત્ન કરનાર માછલીઓમાંથી બધી છૂટી શકતી નથી. ખૂબ જ ઓછી ભારે તરફડાટ પછી છટકવામાં સફળ થાય છે. એ જોઈને માછીમાર બોલી ઊઠે છે, "અરે આ પેલી મોટી માછલી છટકી ગઈ," બાકી મોટા ભાગની માછલીઓ જાળમાથી છટકી શકતી નથી, અરે તેઓ છૂટવાનો પ્રયત્ન સુદ્ધાં કરતી નથી ? મોઢામાં જાળની દોરી સાથે તેઓ કાદવમાં દટાએલી ચૂપચાપ પડી રહે છે. તેઓ એવું માને છે કે તેઓ સલામત છે અને ભય રાખવાનું કોઈ કારણ જ નથી. એમને એ ભાન નથી કે માછીમારો આવીને તેમને પાણી બહાર જમીન ઉપર ઘસડીને લઈ જશે. આ માછલીઓ સંસારમાંના પેલા બધ્ધ જીવો જેવી છે.

સંસારમાં આસક્ત જીવો કામિની અને કાંચનની મોહ



જાળમાં ફસાયેલા હોય છે; તેઓ પૂરેપૂરા સંસારમાં રચ્યાપચ્યા રહે છે. વળી તેઓ એવું માનતા હોય છે કે કામિની અને કાંચનરૂપી કાદવમાંથી તેમને સુખ ને સલામતી પ્રાપ્ત થશે. પરંતુ તેઓને એ ભાન નથી કે એવી બધ્ધ દશામાં જ તેઓ મરણોન્મુખ છે. આવો બધ્ધ માનવ જ્યારે મરવાની અણી ઉપર હોય છે ત્યારે એની પત્ની પૂછે છે કે "તમે તો હવે જાઓ છો, પરંતુ મારે માટે પાછળ શું મૂકતા જાઓ છો, એ તો કહો." અને દુન્યવી પદાર્થો પ્રત્યેની એની આસકિત તો જુઓ ! એ ક્ષણે પણ એ દીવાની મોટી વાટને બળતી જોઈને બોલી ઊઠે છે 'અરે દીવાની વાટ તો થોડી ઓછી કરો ? કેટલું બધું તેલ એમાં બળી જાય છે !' અને વાસ્તવિકતામાં તો એ મરણપથારીએજ પડેલો છે !

આવા આસક્ત જીવો ઈશ્વર વિષેનો કદી વિચાર સુદ્ધાં કરતા નથી. એમને જ્યારે પણ નવરાશ મળે, ત્યારે અર્થહીન પ્રવૃત્તિ કે ગપ્પાં મારવામાં સમયને વેડફી નાંખે છે. તમે કદી એવાઓમાંના કોઈને પૂછો કે ભાઈ તું શું કરે છે, તો જવાબ દેશે કે "હું શાંત બેસી શક્તો નથી, એટલે આ વાડ કરું છું" અથવા, જ્યારે એમની પાસે ખૂબ સમય હોય ત્યારે કોઈકવાર પત્તાં રમવા બેસી જાય છે. ( આ સાંભળી બધા સ્તબ્ધ થઈ જાય છે ).

એક ભક્તઃ-ગુરૂદેવ, તો શું આવા સંસારમાં આસક્ત જીવોને ઉગરવાનો કોઈ આરો ખરો કે ?

શ્રી રામકૃષ્ણઃ-અવશ્ય, ઉગરવાનો માર્ગ છે. પરંતુ તે માટે તેઓએ પવિત્ર સંત પુરુષો પાસે અવારનવાર જતા રહેવું જોઈએ, અને થોડા થોડા સમયના અંતરે એકાંતમાં જઈ ઈશ્વરનું ચિંતન કરવું જોઈએ. વળી તેઓએ વિવેકપૂર્વક આચરણ કરી, શ્રદ્ધા ને ભક્તિ માટે પ્રભુને પ્રાર્થના કરતા

રહેવું જોઈએ.

( પછી કેદાર સામે જોઈ ) તેં શ્રદ્ધાની અગાધશક્તિવિષે તો સાંભળ્યું હશેજ. પુરાણોમાં લખ્યું છે કે રામ કે જેઓ પરબ્રહ્મના સાક્ષાત અવતાર હતા તેમણે પણ લંકા પહોંચવા માટે સેતુ બાંધવો પડેલો. ત્યારે, રામ નામની શક્તિમાં શ્રદ્ધા રાખનાર હનુમાનજી તો વગર સેતુએ સમુદ્ર ઓળંગી ગયેલા ! એમને તો કોઈ સેતુની જરૂરી ન પડી. ( બધા હસી પડે છે).

પછી નરેન્દ્ર સામે આંગળી કરીને કહેવા લાગ્યા. આ તદ્દન શાંત બેઠેલો યુવાન તો જુઓ, જ્યારે એ એના બાપની પાસે બેઠેલો હોય છે, ત્યારે કેવી સરસ રીતે વર્તે છે, પરંતુ તમે બજારમાં એને જુઓ તો એ સાવ જુદાજ લાગશે. નરેન્દ્ર જેવા છોકરાઓ તો સદામુક્તાત્મા વર્ગના છે. તેઓ કદી દુન્યાદારીની માયામાં ફસાતા નથી. એ જેમ જેમ મોટા થતા જશે તેમ તેમ એમની આધ્યાત્મિક ચેતના જાગૃત થતી જશે અને તેઓ સીધા ભગવાન પાસે પહોંચી જશે. [ ક્રમશઃ ]

## સુરતમાં ચાલુ થયેલ ચાર ધ્યાન કેન્દ્રો

સુરતના ઉત્સાહી ને સંત સેવા પ્રેમી ભાઇશ્રી (પ્રો) .ટી. જી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ તેમજ બીજા સાધકભાઈ બહેનોના સહકારથી ચાર જેટલાં ધ્યાન કેન્દ્રો ચાલે છે આ ધ્યાન કેન્દ્રો (૧) બાલાજી રોડ રામજીમંદિર (૨) ૪૪ નંદનવન સોસાયટી. (૩) શાંતિ નિકેતન સોસાયટી અને (૪) માળી પંચ રામજી મંદિર, તીમીલીયા વાડ.

૫. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ બતાવેલ ધ્યાનની પધ્ધતિ પ્રમાણે અહીં ધ્યાન શીખવવામાં આવે છે.



# ચિંતન–કણિકા

શ્રીભૂપતભાઈ દેસાઈ

[શ્રી. ભૂપતભાઈ દેસાઈ–આપણી આઝાદીના લડવૈયાઓની જૂની પેઢીના એક રચનાત્મક કાર્યકર ને સેવક છે. સુરેન્દ્રનગર જિલ્લા સર્વોદય યોજના, પાટડીના તેઓ માનદ સંચાલક તેમ જ ખારાઘોડાના અગરિયાઓની મીઠાની સહકારી મંડળીઓના પ્રેરણાદાતા છે. તેઓએ ભારતની સોલ્ટ કમિટિના સભ્ય તરીકે સક્રિય કામગીરી બજાવી છે એટલું જ નહિ પણ આઝાદીના લડવૈયાઓને ભારત સરકાર તરફથી અપાતું પેન્શન સ્વેચ્છાએ જતું કરનાર એક નિષ્ઠાવાન નિર્લોભી સેવક જ રહ્યા છે. એમનામાં ગાંધીજીએ સૂચવેલ રચનાત્મક કામો પ્રત્યેની નિષ્ઠા સાથે સાથે આત્મવિકાસની અભીપ્સાનો સુભગ સમન્વય છે–તેઓ ખૂબ નમ્ર છે. આપણા સહુ માટે માનાર્હ ને પૂજ્ય છે. અહીં એમણે રોજ–બ–રોજ કરેલ ચિંતનોમાંથી એક ચિંતન કણિકા મૂકી છે.] ,—તંત્રી.

શ્રેયાર્થી વર્ગમાં સેંકડો લોકોને આત્મવિદ્યાનું શ્રવણ કરવા તરફ વૃત્તિ હોતી નથી, કેમકે શ્રવણમાં તેમની રૂચિ હોતી નથી. આવા લોકો પરોપકાર કરે છે, પણ આત્મવિદ્યામાં પણ પરોપકાર આવી જાય છે અને થાય છે, તેનું તેમને જ્ઞાન હોતું નથી.

આત્મવિદ્યા માટે કર્મયોગ, નિસ્સ્વાર્થભાવ અને નિસ્સ્વાર્થ બુદ્ધિ હોવાં જોઈએ. આ પ્રમાણેની સાધના વિના આત્મવિદ્યા ના મળે, ન સમજાય. કેવળ પરોપકાર અથવા સત્કર્મોથી પુણ્ય મળે અને આત્મવિકાસ થાય. જો કે સત્કર્મો પણ ગીતા

અને બીજા શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણેનાં હોવા જોઈએ.

જેમનું મન, શરીર અને ઇંદ્રિયો ચંચળ હોય તે અધ્યાત્મ વિદ્યા ન મેળવી શકે.

શ્રીમદ્ શંકરાચાર્યમાં શ્રેષ્ઠ કોટિની બુદ્ધિ તેમ જ ભાવભકિતનો સુમેળ છે. તેઓને આ મિથ્યા જગતમાં પણ આનંદ આવ્યો કારણ કે તેમાં ભગવાનનું અસ્તિત્વ સર્વત્ર છે, તેની તેઓને અપરોક્ષ અનુભૂતિ થઈ હતી.

આંસુ બે પ્રકારનાં હોય, એક ભાવનાં અને બીજાં પશ્ચાતાપનાં. આ બીજા પ્રકારનાં આંસુથી બધાં પ્રકારનાં પાપોની ક્ષમા મળી જશે, પરંતુ એની શરત એ છે કે સાચા અંતઃકરણથી કરેલા પશ્ચાતાપનાં તે આંસુ હોવાં જોઈએ ને ફરીથી એ પ્રકારનાં પાપો ન થાય તે માટે વ્યક્તિ કૃતનિશ્ચયી હોય.

કોઈપણ પ્રકારનું સત્કર્મ એ જો ઉચ્ચ હેતુથી પ્રેરાયેલું ન હોય તેમજ, ભાવ રહિત હોય તો તે સારી રીતે અસરકારક બનતું નથી. પરંતુ જો એજ કર્મ નિસ્સ્વાર્થ હેતુ ને પૂર્ણ ભાવથી કરવામાં આવ્યું હોય તો તે ખૂબ જ અસરકારક બને છે. વળી તેનું ફળ પણ અનન્તગણું હોય છે.

અશ્રદ્ધા અને અજ્ઞાન જાય તો પાપ રહે નહીં. મનની મલિનતા, બુદ્ધિની ક્ષુદ્રતા અને સંકુચિતતા આત્મજ્ઞાનનાં અવરોધક છે, શરીર છોડતાં પહેલાં એ દૂર થાય તો જ પ્રભુ મેળવાય અને એ જીવનો સ્વીકાર કરે.

અદ્વૈતમાં અસ્તિત્વ છે અને દ્વૈતમાં રમણ પણ છે. રાતના બાર વાગે આપણે અદ્વૈતમાં હતાં. સવાર થતાં જાગતાં જ દ્વૈતમાં આવ્યા, કારણ કે સાકાર ભગવાન સાથે રમવાની-ભેટવાની ઇચ્છા છે. અહમ્‌નું ઓગળી જવું એ જ મુક્તિ છે.



શ્રી રામકૃષ્ણ આપણી જોડે છે. ભગવાન કૃષ્ણએ જ ગીતામાં
કહ્યું કે "સર્વસ્ય ચાહમ હૃદિ સંનિવિષ્ટો ! હું જ બધાના
હૃદયમાં રહેલો છું" એથી હજારો વર્ષો પૂર્વે થયેલ કેવળ
રામ અને કૃષ્ણનો જ હું કેવળ ઉપાસક નથી, પરંતુ મારી
અંદર રહેલો જે પરમાત્મા છે અને જેમને લીધે મારો શ્વાસો-
શ્વાસ ચાલે છે, તે ભગવાન (રામ–કૃષ્ણ) નો હું ઉપાસક છું.

જગમાં મનુષ્યો ત્રણ પ્રકારે આનંદ પ્રાપ્ત કરવા પ્રયત્ન-
શીલ હોય છે. એક ભોગાનંદ બીજો ભાવાનંદ અને ત્રીજો
આત્માનંદ. જે લોકો ભોગાનંદ, કે આત્માનંદ કરતાં ભાવા-
નંદમાં મગ્ન રહે છે, એવા લોકો માટે ભગવાન સગુણરૂપ
ધારણ કરે છે : જેમને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થયાં છે
એવા જગદ્‌ગુરૂ આદ્ય શંકરાચાર્ય કહે છે કે બુદ્ધિથી જે
પરમ શકિતએ જગતના અનેકાનેક આકારો ઊભા કર્યા છે.
તે પોતે, કોઈ ભાવાનંદી ભક્તના ભાવની પૂર્તિ માટે એકાદ
આકાર ધારણ કરે, કે એકાદ પરમ ભકતની પ્રાર્થના સ્વીકારી
અવતાર ધારણ કરે તે સંભવિત છે.

# શ્રેયયાત્રા–૧૫

ભાઈલાલભાઈ છાટબાર

### પર્યુપાસના, યોગક્ષેમ અને મૌન

માગશરના શુકલપક્ષની અષ્ટમી આજે છે. દિવાળી પછી સમયચક્ર ચાલતું રહ્યું છે. આ બધા દિવસો સ્મરણીય બની ગયા છે, આજે પચીસમી નવેંબર છે. સવારની બેઠક શરૂ થઈ છે. મહાત્માજી ગાદી ઉપર બેઠા છે. હું પ્રણામ કરી બેઠો એટલામાં અન્ય બે ભાઈઓનું આગમન થયું. નીચે પ્રમાણે સંવાદ ચાલ્યો.

પ્રશ્ન—પર્યુપાસના એટલે કેવી ઉપાસના ?

મહાત્માજી—ઉત્કૃષ્ટ અવસ્થાએ પહોંચેલી ઉપાસનાને પર્યુપાસના કહેવાય છે. ભક્ત જ્યારે પરમાત્માની વધુ ને વધુ નિકટ પહોંચવાનો પ્રયાસ અને પુરુષાર્થ કરે છે. તેને ઉપાસના કહેવાય છે. પરંતુ પ્રભુભક્તિ દરમિયાન કે સંસારની અન્ય વ્યાવહારિક પ્રવૃત્તિઓ વખતે પણ ઉપાસનાથી તરબોળ અને તેમાં તલ્લીન અનન્ય ભક્તનું મન પરમાત્મા સાથે સતત્ જોડાયેલું રહે છે. આ પર્યુવાસના છે.

આવો ભક્ત પરમાત્માનું નિત્યનિરંતર સ્મરણ કરતો હોય છે. વાણી અને મનથી તેનું સતત્ ચિંતન કરતો હોય છે. તે કાનથી પરમાત્માની કથાનું શ્રવણ કરતો હોય છે અને સરિતા જેમ સાગર તરફ અભિસરણ કરે છે, તેમ ઇન્દ્રિયો દ્વારા પણ તે પરમાત્માભિમુખ રહે છે. તે પોતાની આંખ ઈશ્વર સિવાય કોઈનેય આપતો જ નથી.

આવા નિત્ય અભિયુક્ત ભક્તનું ઋણ પ્રભુ, તેના યોગ



અને ક્ષેમનું કૃતજ્ઞતાપૂર્વક વહન કરીને ચૂકવતા હોય છે.

પ્રશ્ન—યોગ અને ક્ષેમનો અર્થ કૃપા કરીને બરાબર સમજાવો.

મહાત્માજી—અવિદ્યા એ દુઃખોની જનની છે. મનુષ્યના જીવનમાં (૧) અવિદ્યાથી ઉદ્‌ભવતા દુઃખોના સંયોગ ને 'વિયોગ'માં પરિવર્તિત કરે તેમજ (૨) વિષયોમાં રહેલી આસક્તિથી ઉદ્‌ભવેલ પરમાત્મ–વિયોગને પરમાત્મ–મિલનના 'સંયોગ'માં પરિવર્તિત કરે તે સાધના જ યોગ છે.

યોગ સમત્વ છે, જેમાં મન સંવાદિતા જાળવી રાખી સમતોલ અવસ્થામાં જ રહે છે મનુષ્યની વિવેકબુદ્ધિ તેને સંતુલન ગુમાવવા દેતી નથી. સમત્વ એ યોગનું મહાન પરિબળ છે. યોગ દ્વારા મનુષ્ય પોતાના સ્વરૂપને ઓળખે છે, જ્ઞાનનો પ્રકાશ તેની બુદ્ધિમાં પ્રકટે છે અને તે દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં, મનુષ્ય આત્મદર્શન કરી શકે છે.

—આત્મદર્શનના માર્ગે આગળ વધતા ભક્તનું મન જ્યારે આસક્તિમાં અટવાય ત્યારે સારાસારની વિવેકબુદ્ધિ તેનામાં પ્રકટ કરી—આત્મજ્ઞાનના યોગથી ભક્તને ચલિત થતો અટકાવે તે ક્ષેમ છે.

શ્રીપરમાત્માની પર્યુપાસના કરતા ભક્તના યોગ અને ક્ષેમનું વહન કરીને પરમાત્મા સતત્ તેની રક્ષા કરે છે અને તેનું ક્યારેય પતન થવા દેતો નથી.

આમ (૧) યોગ એ અપ્રાપ્યની પ્રાપ્તિ થવી અને (૨) ક્ષેમ એ જે પ્રાપ્ત થયું હોય તેની સંભાળ લેવી—આવો યોગક્ષેમનો ટૂંકમાં અર્થ થાય છે, તેની ભીતરમાં ઘણું ઊંડું રહસ્ય રહેલું છે.... ... ...

સાંજની બેઠકના ત્રણ-ચાર ભાઈઓ વિદાય લેતા હતા ત્યારે હું ફરવા જોડાયો.

મહાત્માજીના અસીમ પ્રેમભાવે મને વશ કરી લીધો છે. આ બધા દિવસોની અનેક સત્સંગ-બેઠકોમાંથી અને પ્રવચનોમાંથી ઘણું ઘણું પામ્યો છું. કદાચ આ વર્ષે આ એકાદ-મહિનાના સમયગાળામાં પામ્યો છું તેનું પલ્લું, વર્ષો સુધીની પ્રાપ્તિ સામે, ભારે નીચું નમેલું રહે છે.

આજે મહાત્માજી કહેતા હતા કે આંતરિક ઐશ્વર્ય વિના-અંદરના વૈભવ વિના, બહારની કિંમતીમાં કિંમતી સામગ્રી પણ જીવનને કદરૂપું બનાવી દે છે. બહારના ઐશ્વર્ય કે વૈભવનો અહીં નિષેધ કરીને ચાલવાની વાત નથી પરન્તુ કહેવાની વાત એ છે કે આંતરિક સૌંદર્ય વડે જ બહારની સામગ્રી શોભી ઊઠે છે... ... ...

રાતના પ્રવચનમાં તુલસીકૃત રામચરિતમાનસમાંથી મહાત્માજીએ કેટલીક ચોપાઈઓ ગાઈ હતી. રાતનું પ્રવચન પુરું થઇ ગયું હતું. છેલ્લે બોલાયેલી ધૂનના સૂર હવામાં ગૂંજતા હતા. પ્રવચન પછીની રાતની સત્સંગ-બેઠક શરૂ થઈ. નિયમ મુજબ હસ્તલિખિત પ્રતમાંથી મેં ત્રણેક પૃષ્ઠ વાંચ્યાં. તે વાચનના વિષય ઉપર વિચારોની આપ-લે પૂરી થઈ. આજે આ પ્રમાણે સંવાદ ચાલ્યો.

પ્રશ્ન મૌનથી શું લાભ થાય?

મહાત્માજી—પહેલું, અસત્ય ભાષણમાંથી બચાવ થાય. બીજું, કઠોર અને વધારે પડતા ભાષણમાંથી બચી શકાય. ત્રીજું, મૌન માત્ર વાણીનું નહિ પરન્તુ મનનું તપ પણ છે. તે મનને શીતળ કરે છે. ચોથું, વાણીનું મૌન ક્રમે ક્રમે મનના મૌન તરફ લઈ જાય છે. પાંચમું, મનની શક્તિઓનું



કેન્દ્રીકરણ કરવામાં મૌન ઘણી મદદ પહોંચાડે છે છઠ્ઠું, મૌન દરમિયાન મંગલ વિચારો, જપ, પ્રાર્થના, ઈશ્વરસ્મરણ કરી શકાય. સાતમું, મૌનથી સમય મળે અને આત્મ- સાધન માટે તેનો ઉપયોગ થાય છે.

મૌન રાખ્યા બાદ, બોલવા કરતા પણ વધારે પાટીમાં લખ્યાલખ કરવું તેવા મૌનનો કોઇ અર્થ નથી. મૌન છોડ્યા પછી પણ કેટલાક લોકો બહુ વાચાળ બની જાય છે. તે ઉપવાસ પછી ભોજન ઉપર ત્રાપટ દીધા બરાબર છે. મૌન છોડ્યા પછી પણ વાણી ઉપર સંયમ રાખી મિતભાષી બનવું જરૂરી છે.

મહાત્માજીએ બે ગીત-ભજન ગાયાં. રાતની આ બેઠક પૂરી થતાં સૌએ પ્રણામ કરીને રજા લીધી.

મારા મનની સ્થિતિ નીચેની સંસ્કૃત-સૂક્તિ પ્રકટ કરે છે.

मधु वाता ऋतायते मधु क्षरन्ति सिन्धवः ।

આંખો સમક્ષ સર્વ કાંઇ એક અપૂર્વ સુખમાંથી અલંકૃત પ્રતીત થાય છે. અત્યારે જગત, એટલે કે વિશ્વસત્તાને અધીન સર્વ કાંઈ અને સર્વ કોઈ-પ્રત્યેક પ્રાણીપદાર્થ મધુમય પ્રતીત થાય છે. એવી પ્રતીતિ થાય છે કે સુખ અને દુઃખ બંને આનંદસભર છે, નિન્દા અને સ્તુતિ બંને માધુર્યપૂર્ણ છે અને ભલુબુરું બધું એકાકાર છે, સર્વત્ર સુસંવાદિતાના સુમધુર સૂર રેલાઈ રહ્યા છે.

—અંદર અને બહાર એક લયબદ્ધ માધુર્યસ્રોત વહી રહ્યો લાગે છે. એક અસીમ અનંત માધુર્યસાગર સ્વયં પોતાના ઉજ્જવળ પ્રકાશમાં નિકટમાં પ્રકાશમાન થઈ ઊઠ્યો છે. ક્યારેક તેના તરંગો ઊઠે છે અને ક્યારેક નથી ઊઠતા, અથવા

એકી સાથે તરંગો અને સુસ્થિરતા બંને આંકડા ભીડીને ઊભાં છે; પરન્તુ માધુર્યમાં ક્યારેય કંઇ કચાશ નથી આવતી. આજે અહીંયાં મિલનના સુયોગમાં આનંદ છે અને વિયોગના વિરહ-માં પણ આનંદ છે. હાસ્યના ઝળહળાટમાં પણ માધુર્ય છે અને નયનજળના પ્રકાશમાં પણ માધુર્ય છે.

જાણે કે બિધું ગુમાવવામાં જ બધું પામવાનું છે. 'પ્રત્યા-ઘાત' અને 'પ્રતિભાવના' બોજ નીચે પણ મસ્તક પર ધારણ કરવાની જયમાળા રહેલી છે.

આ મધુર દિવસોનાં સંસ્પદનો મને તો ખેંચી જાય છે આ પૃથ્વીથી દૂર, સૂર્ય અને તારા-નક્ષત્રોની સીમાથી પણ દૂર–સુદૂર જ્યાં ઘનઘોર અંધકાર વિવિધરંગી કિરણકણો પ્રકાશના પુંજ પ્રતિ દોડી રહ્યાં છે.

દિવસને અંતે નિદ્રાના પ્રદેશમાં ઘૂમટો તાણેલી કોઇ છાયાએ મારા પ્રાણને જાણેકે, પરવશ કરી નાખ્યા છે. પેલે પાર માયાથી પર કોઇ સુવર્ણઅંકિત કિનારે અંધકાર–આવ-રિત પરંતુ બંકિમ. ચંદ્રથી દેદીપ્યમાન કોઇ દિવ્ય ચેતના બધાં જ કામકાજ પડતાં મૂકી દેવાનાં જાણે કે ગીત ગાઈ રહી છે! (ક્રમશઃ)

———×———



# ઈશ્વરની શોધ (ડૉ. એની બેસન્ટનો સંદેશ)

—અતિસુખલાલભાઈ શેઠ

મનુષ્યે ઈશ્વરને ઘણી રીતે શોધ્યો છે પણ તે તેને મળ્યો નથી, કારણ કે તેણે તેને ખોટી રીતે શોધ્યો છે. તેણે તેને જંગલ અને વગડામાં ખોળ્યો, રણમાં અને ગુફાઓમાં ખોળ્યો. તેણે તેને તપશ્ચર્યાથી અને આત્મમર્દનથી શોધ્યો, વિદ્યા અને વિવાદથી ખોળ્યો, પણ તે તો હંમેશ દૂરનો દૂર રહ્યો. તે એક જ સ્થાને બરાબર શોધી શકાય–કે જ્યાંથી તે ફરીથી વિસરાય નહિ. અને તે સ્થાન તે લાગણી અને બુદ્ધિથી પર એવા તમારા આત્માના ઊંડાણમાં રહ્યું છે, તે સ્વયં તે જ છે.

તે હંમેશ ત્યાં હૃદયગુહામાં બિરાજે છે, તે ગુપ્ત ઈશ્વર, અંધકારથી પર પ્રકાશરૂપ છે. તે અનંત છે અને તે શક્તિરૂપ, પ્રેમરૂપ, અને સૌન્દર્યરૂપ છે. તેને પ્રથમ ત્યાં (હૃદયગુહામાં) ખોળો અને પછી તમે તેને સર્વત્ર જોઈ શકશો. પ્રત્યેક માનવી-માં, પ્રત્યેક પશુમાં, પ્રત્યેક વનસ્પતિમાં, પ્રત્યેક ખનિજમાં અને સર્વવ્યાપી ભૂરા આકાશની ભીતરમાં, સુખમાં અને દુઃખમાં, આનંદમાં અને દર્દમાં, પાપ ( evil ) અને નિર્લજ્જતામાં ( shame ) પણ તમે તેને જોઈ શકશો.

સર્વે વ્યક્તિઓમાં તેને પૂજો, બધી જરૂરિયાતોમાં તેની સેવા કરો. તેને ભૂખ્યામાં અન્ન આપો, તેને અજ્ઞાનીઓમાં જ્ઞાન આપો, અપ્રેમાળમાં તેને પ્રેમ અર્પણ કરો, તમારા જીવનને તેનું મંદિર બનાવો અને તમારા કાર્યોને તેનું અર્ઘ્ય બનાવો. પછી એક દિવસ તમારા નેત્રો ભગવાન રાજરાજેશ્વર (The king) ના, તેના પૂર્ણ સૌન્દર્ય સાથે દર્શન કરશે. તેઓ જ આ પૃથ્વી પર ઈશ્વરનું ઉચ્ચમાં ઉચ્ચ આવિષ્કરણ (maniffstation) છે અને પછી તમે પૂર્ણતાને પહોંચેલા પુરુષ, દિવ્ય પુરુષ બનશો.

# પ્રકાશના પંથે

યોગેશ્વર

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## ઋષિકેશની વિદાય

અજવાળું થયું એટલે ઓરડાનું બારણું ઉઘાડીને હું બહાર નીકળ્યો. બ્રાહ્મમુહૂર્તનો અલૌકિક અનુભવ તાજો જ હતો. તેને લીધે જાણે કે મારો નવો અવતાર થયેલો. અંગે-અંગમાં આનંદ ફરી વળેલો.

બહાર નીકળીને મેં ગંગા તરફ નજર કરી. તેનામાં ઈશ્વરી શક્તિનું દર્શન કરીને મેં તેને મનોમન પ્રણામ કર્યા. પછી આનંદના અતિરેકમાં આવી જઈને વરસતા વરસાદમાં ફરતાં ફરતાં મેં આત્મા ને પરમાત્માની એકતાનું ગીત ગાવાનું શરૂ કર્યું. તે વખતે સ્વામીજી મારી પાસે આવી પહોંચ્યા. આટલા બધા આનંદનો ઉદય મારામાં ક્યાંથી થયો તે વાત તેમની સમજમાં ન આવી શકી. તેમની જિજ્ઞાસા સંતોષવા મેં કહેવા માંડ્યું: ‘આજે આ સ્થાનમાં લગભગ બ્રાહ્મમુહૂર્તના સમયમાં મને એક અદ્‌ભુત અનુભવ થયો. વળી સમાધિદશાનો પણ સ્વાદ મળ્યો. તેથી મને અનુભૂતિ થઈ કે હું મુક્ત ને બુદ્ધ છું. મને કોઈ જાતનાં બંધન નથી. એ અનુભવના આનંદમાં હું રાચી રહ્યો છું.

મારું સ્પષ્ટીકરણ સાંભળીને સ્વામીજી પ્રસન્ન થયા.

પૂર્વજન્મના પડદા પાછળ પડેલા પ્રયાસોની વાતને જવા દઈએ તોપણ પરમાત્માનો સાક્ષાત્કાર કરવા આ જન્મમાં પણ મેં મારાથી બનતો પ્રયાસ કર્યો હતો. એટલે મને મળેલી શાંતિનો અનુભવ એકાએક કે આકસ્મિક ન હતો. તેની



પાછળ થોડીઘણી તૈયારી ને પૂર્વભૂમિકા હતી.

મને થયેલા અલૌકિક અનુભવથી મારી કાયાપલટ થઈ ગઈ. સૌથી મહત્ત્વની વાત એ હતી કે મને શાંતિ સાંપડેલી. આશ્રમમાં આવવાનો હેતુ ઈશ્વરની કૃપાથી સિદ્ધ થયેલો લાગ્યો. આશ્રમમાં વધુ રહેવાની જરૂર ન હતી. તેથી વડોદરા રમણભાઈને પત્ર લખીને બધી વિગત જણાવી ને વડોદરા પાછા જવા માટે જરૂરી પૈસા મગાવ્યા. મનીઓર્ડર મળતાં સુધી બાકીના દિવસો આશ્રમમાં પસાર કરવાનો નિર્ણય કર્યો.

મારા નિર્ણયની વાત જાણી સ્વામીજીને બીજા બેત્રણ સંન્યાસીભાઈઓ નાખુશ થયા. તેમને મારા પ્રત્યે પ્રેમ થયેલો તેથી તેઓ મને આશ્રમમાં રહેવા સમજાવવા લાગ્યા. આખરે મનીઓર્ડર આવી ગયું. સ્વામીજીએ છેલ્લીવાર આશ્રમમાં રહેવા કહી જોયું પણ મારું મન માન્યું નહીં.

આશ્રમમાં પંદરેક દિવસ રહી મેં આશ્રમની વિદાય લીધી. એ પંદરેક દિવસ મારે માટે ભારે મહત્ત્વના હતા. તે દરમ્યાન મને ઘણું જોવા ને જાણવા મળ્યું. હવે હું એક શાંતિ સંપન્ન સફળ પ્રવાસી તરીકે પાછો ફરી રહ્યો હતો. આજે વરસો વહી ગયાં છે ત્યારે મારે કહેવું જોઈએ કે તે અનુભવ ઉત્તમ હતો પણ અંતિમ ન હતો. ઈશ્વરના સાક્ષાત્કાર ને પૂર્ણ દશાની પ્રાપ્તિ માટે મારે હજી વિશેષ સાધના કરવાની અને અનુભવો મેળવવાની આવશ્યકતા હતી. સદ્‌ભાગ્યે એ વાત સમજતાં મને વિશેષ વખત ન લાગ્યો.

જે દિવસે એ અનુભવ થયો તે જ દિવસે મેં એક ગીત લખ્યું. તે પરથી મારી તે વખતની મનોદશાની માહિતી મળશે. એ ગીતને યાદ કરી મેં ઋષીકેશની દિવ્યભૂમિની વિદાય લીધી.

—:પરમાનંદ સ્તોત્રઃ—

હતા સંશયો સર્વ ઊડી ગયા રે,
છુટયાં સર્વ જૂઠાં હતાં તે પડો રે,
રહ્યો જંગલે કે મહેલે ભલેને
સદામુક્ત મૂર્તિ મને બંધ ના છે. ૧
સદામુક્ત ને બુદ્ધ ચૈતન્ય મૂર્તિ,
સ્વરૂપસ્થ કૂટસ્થ તે શાંતિ મૂર્તિ,
રહ્યો જંગલે કે મહેલે ભલેને
સદામુક્ત મૂર્તિ મને બંધ ના છે. ૨
હતો સૃષ્ટિ આરંભમાં ને છું આજે,
થઇ ભિન્ન ને ભિન્ન પાછો રહીશ,
રહ્યો જંગલે કે મહેલે ભલેને
સદામુક્ત ર્તિ મૂ મને બંધ ના છે. ૩
મથે કૈંક યોગીન્દ્ર જે શોધવાને,
વળી ભક્ત તે છે શરીરે મહારે,
રહ્યો જંગલે કે મહેલે ભલેને
સદાનંદ મૂર્તિ મને બંધ ના છે. ૪
નથી મૃત્યુ મારે, નથી બંધનોયે,
નથી લેપનો ભિન્ન મારા થકી રે,
હું તો સચ્ચિદાનંદ ૈવી સદાયે
સદા મુક્ત મૂર્તિ મને બંધ ના છે. ૫
લઇ ગેરુઆ ઘૂમું શાને શુકાએ,
રહી આશ્રમે સેવું શાને રૂપો ને,
સદા શુદ્ધ છે સર્વ સાથે જ એક,
મને આત્મથી અન્ય લાગે હવે ન. ૬



# ધ્યાન વેળાએ આવતા વિચારોને કેમ નિર્મૂળ કરવા ?

—મંગળદાસ પંચાલ

આપણે પ્રથમ તો એ જાણવું જોઈએ કે કોઈપણ પ્રકારના વિચારો, પછી તેઓ ઉચ્ચકોટીના અથવા હલકી કોટીના હોય, તે સર્વનું ઉત્પત્તિસ્થાન આપણું મન છે, તેથી મનની આ વિચાર પ્રક્રિયા તરફ દૃષ્ટિપાત કરવાનું જરૂરી બને છે. એટલું જ નહિ, પરંતુ તે ઘણું જ અગત્યનું છે. ઢોલ અથવા નગારામાંથી જાત જાતના અવાજો નીકળે છે, જેવા કે શૃંગારિક ભાવ ઉપજાવે તેવા, શૂરવીરતા ઉપજાવે તેવા વગેરે. પરંતુ ઢોલ કંઈ એની મેળે વાગતું નથી. વગાડનાર તો ઢોલી છે. તેથી જો આપણે ઢોલીને જ પકડ્યો કે કામ થઈ ગયું. પછી જે જાતનો અવાજ ઇચ્છીએ તેવો જ અવાજ તે ઢોલી વગાડે. આપણું મન પણ આવો એક ઢોલી જ છે, જે આપણે ઇચ્છતા હોઈએ અને ન ઇચ્છતા હોઈએ તેવા સર્વ પ્રકારના અવાજો વગાડે છે. તેથી આપણે નીચેની મુખ્ય મુખ્ય બાબતો તરફ સહેજ વિશેષ પ્રકારે લક્ષ આપવું જરૂરી છે :

૧. મન તથા આંતરમનનું સ્વરૂપ.
૨. વિચારની પ્રક્રિયા.
૩. શરીર વિજ્ઞાન વિષે ટૂંકી સમજ.
૪. દેહભાન ભૂલવાની અનિવાર્ય અગત્ય.

હવે આપણે ઉપર્યુક્ત બાબતોની ક્રમવાર ચર્ચા કરી તેમને સમજવાનો પ્રયત્ન કરીએ અને ત્યારબાદ યથાશક્તિ આચ-

રણમાં મુકવાનો પ્રયત્ન કરીશું તો આપણે ઘણું જ સુંદર અને ઊંડું ધ્યાન કરી શકીશું.

૧. ( अ ) : મનનું સ્વરૂપ :

આપણી જાગૃત અવસ્થામાં આપણે જે કંઈ ક્રિયાઓ જેવી કે હરવું, ફરવું, બોલવું, ચાલવું, હસવું, રડવું, વગેરે કરીએ છીએ તે સર્વની જાણ કરાવનાર આપણું મન છે. ઊંઘમાં જ્યારે મનના સંકલ્પ વિકલ્પો બંધ પડી ગયા હોય છે ત્યારે આપણને કશાયનું ભાન હોતું નથી. આથી તે એક પ્રકારના અર્થાત્મક ભાવોવાળું સૂક્ષ્મ સામર્થ્ય છે. મન પોતે સૂક્ષ્મ સામર્થ્ય હોવા છતાં તે કંઇ પોતાની મેળે કાર્યાન્વિત થતું નથી. તેનું પણ અધિષ્ઠાન છે. જગતની કોઈપણ વસ્તુ સ્થૂળ અથવા સૂક્ષ્મ, અધિષ્ઠાન વિના રહી શકતી નથી. હું અહીં બેઠો છું. તો પૃથ્વીમાતા મારું અધિષ્ઠાન છે, ગુરુત્વાકર્ષણ એ અધિષ્ઠાનનું બળ છે. પૃથ્વી માતાનું અધિષ્ઠાન સૂર્ય છે, જેની આસપાસ આપણી આ પૃથ્વી જ નહિ, પરંતુ બીજા કેટલાયે ગ્રહો ફરી રહ્યા છે. આવી તો કંઈ કેટલીયે સૂર્યમાળાઓ આ બ્રહ્માંડમાં છે, એમ વિજ્ઞાનીઓ પણ કહે છે. અને આ સર્વ સૂર્યમાળાઓનું અધિષ્ઠાન કોઇક મહાન શક્તિ છે. આ પરમ અધિષ્ઠાન; “ महतोमहियान ” તે સર્વશક્તિમાન પ્રભુ છે. વેદો જેને नेति नेति પોકારીને થાક્યા છે, તેવા મહાન પ્રભુનું સ્થાન અતિ સૂક્ષ્મરૂપે આપણા હૃદયમાં રહેલું છે, અને આ જ અધિષ્ઠાનના આધાર વડે બળ મેળવીને આપણું મન કાર્યન્વિત થાય છે.

તેથી આપણે એવા નિશ્ચય પર આવવું જ પડશે કે મનની પણ પેલે પાર એક મહાન શક્તિ રહેલી છે. આ મહાશક્તિ આપણા મન પર સીધેસીધી ક્રિયા કરતી નથી. આ શક્તિ મેળવવા માટે ચૈતન્યમય થવા માટે વચ્ચે કોઇ



માધ્યમ જરૂરી બને છે. જેમ ગંગા માતાને સ્વર્ગમાંથી નીચે ઊતરવા માટે ભગવાન શિવે તેમને ઝીલ્યાં હતાં. તે જ રીતે આ મહાશક્તિ ને ઝીલવા માટે પરમકૃપાળુ પ્રભુએ માધ્યમ રચેલું છે અને તે માધ્યમને આપણે ‘ આંતરમન ’ એ નામથી ઓળખીશું.

આ આંતરમનની વિવિધ પ્રકારની શક્તિઓ વિષે વિચાર કરીએ તો ત્યાં આપણી બુદ્ધિ કુંઠિત થઇ જાય છે. જેમ આંતરમની શક્તિઓનો કોઈ અવધિ નથી તેમ મનુષ્યના વિકાસનો પણ કોઈ અવધિ નથી. આપણે આ બન્ને પ્રકારના મનની ગતિવિધિઓ વિશેષ પ્રકારથી અને ઝીણવટથી જાણવાની જરૂર છે. જેમ જેમ આપણે તેનું ઊંડું અવગાહન કરતા જઈશું તેમ તેમ આપણને નવાં નવાં સત્યો પ્રાપ્ત થતાં જશે અને અવનવી શક્તિઓ પણ ક્રમે ક્રમે પ્રાપ્ત કરતા જઇશું. તથા આપણને મળનારી આ શક્તિઓની મદદથી આપણી વિકાસક્રિયામાં ઘણો જ વેગ આવી જશે.

૧. ( ब ) આંતરમનનું સ્વરૂપ :

મન જો કે એક જ છે, પરંતુ પાછળ જોયું તેમ લાગણીઓ, વિચારો વગેરેનું ભાન કરાવનાર બાહ્ય મન છે. જ્યારે જેની કાર્યવિધિની આપણને ખબર નથી પડતી, તેને આપણે આંતરમન તરીકે ઓળખીશું. મનને જો આપણે દૂધ તરીકે ઓળખીએ તો દૂધની ઉપર તરી રહેલી તર એ બાહ્યમન છે જ્યારે તરની નીચે રહેલું દૂધ આંતરમન તરીકે ઓળખી શકીએ. વળી જો મનને આપણે ખેતરની ઉપમા આપીએ તો જમીનનું ઉપરનું પડ તે બાહ્યમન કહેવાય અને જમીનના અંદરના પડને આંતરમન કહી શકાય. વળી મનને આપણે નદી તરીકે પણ ઓળખી શકીએ. જેનાં સતત પાણી વહ્યા જ કરે છે. પાણીના વહેણને વિચારોના વહેણ સાથે સરખાવી

શકાય. નદીના પાણીમાં જેમ દૂધ, ફૂલ, સુગંધિત પદાર્થો વહેવડાવાય છે તેમ તેમાં ગામનું મેલું, કચરો અને બીજી અનેક અલાબલા પણ વહેવડાવી શકાય છે. સ્વચ્છ અને પવિત્ર વસ્તુઓ જો નદીમાં વહેવડાવીશું તો તે સ્વચ્છ અને સુગંધમય બનશે, જ્યારે મેલું, કચરો વગેરે વહેવડાવીશું તો તે અસ્વચ્છ અને દુર્ગંધમય બનશે.

તે જ રીતે ખેતરને સુંદર રીતે ખેડીને, ક્યારાઓ બનાવી, ખાતર વગેરે નાખી તૈયાર કરી, ફૂલઝાડ અથવા સુંદર મિષ્ટફળો ઉપજાવનારાં બીજ રોપીશું અને તેની યોગ્ય સમયે યોગ્ય સારસંભાળ લેતા રહીશું તો થોડાક જ સમયમાં આપણા ક્યારાઓ સુંદર ફૂલોથી મહેક મહેક થઈ રહેશે અને સુંદર મિષ્ટ ફળોનો ઉપભોગ કરી શકાશે. પરંતુ જો આકડો, બાવળ કે ધૂળ-ધમાસ રોપીશું તો થોડાક જ સમયમાં આપણને દુર્ગંધ સહેવી પડવાની અને પગમાં કાંટાની શૂળો વાગવાની. "વાવે તેવું લણે" એ કહેવતમાં ભારોભાર અર્થ રહેલો છે તે હવે આપણને સ્પષ્ટ સમજાઈ જવું જોઇએ.

આંતરમન એ અતિ શક્તિશાળી સૂક્ષ્મ માનસ સામર્થ્ય છે અને આપણા શરીરના તમામે તમામ ભાગોમાં, અણુએ અણુમાં વ્યાપી રહેલું છે. પાણીની વાદળીમાં (સ્પંજમાં) જેમ પાણી તેના અણુએ અણુમાં વ્યાપી રહેલું છે તેજ રીતે આંતરમન વ્યાપી રહેલું છે. વળી આપણને દેખાતી ચરાચર સૃષ્ટિમાં પણ આંતરમન વ્યાપી રહેલું છે જેને આપણે સમષ્ટિમન તરીકે ઓળખીશું, કે જેની સાથે આપણા આંતરમનને ગાઢ સંબંધ રહેલો છે. આ જ કારણથી એક યોગી જ્યારે પોતાના મન પર અંકુશ પ્રાપ્ત કરે છે ત્યારે તે સારી સમષ્ટિ પર પણ પોતાનો અંકુશ પ્રસ્થાપિત કરે છે. તેના સર્વ મનોરથો પૂર્ણ થાય છે. તે જીવન મુક્ત બની જાય છે અને તેના જીવનની



મુસાફરીનો સદાને માટે અંત આવી જાય છે.

આપણા ધનવાન અથવા નિર્ધન હોવામાં, આરોગ્યવાળા કે માંદા અને રોગિષ્ટ હોવામાં, સદ્‌ગુણી કે દુર્ગુણી હોવામાં, અત્યંત સુખની સાહ્યબીમાં આળોટતા હોવામાં કે અત્યંત દુઃખભરેલી સ્થિતિમાં ઘરઘર ભીખ માગતાં ભટકવામાં, વગેરે સર્વ બાબતો કે જે હાલ આપણે ભોગવી રહ્યા છીએ, તે આપણા હજારો પૂર્વજન્મના સંસ્કારો તેમ જ આપણા હાલના ચાલુ જીવનના ભૂતકાળમાં અજ્ઞાનપણે કરેલાં સત્કાર્યો અથવા દુષ્કાર્યોનું જ પરિણામ છે. આમ કાર્યોને ઉપજાવનાર તથા તેવા પ્રકારના વિચારોને કરનાર આપણું આ મન છે, એ હવે આપણને સ્પષ્ટ જણાઈ આવશે. ખરું પૂછો, તો આપણને વિચાર કરતાં જ આવડતું નથી. પહેલાં આપણે એ શીખવું પડશે. કેટલીક વાર આપણે આપણને સુખી જણાતા હોઈએ છીએ, આનંદ પ્રમોદનાં જાણે મહાસાગરમાં ડૂબેલા હોઇએ છીએ અને બીજી જ પળે આપણે પોતાને અત્યંત દુઃખી. અને જાણે કે દુઃખોના ડુંગર તળે દબાઈ ગયા હોઈએ એમ જણાય છે તે બીજું કશું જ નથી, પરંતુ આપણે ભૂતકાળમાં તેવા પ્રકારની કરેલી ઇચ્છાઓ તથા અવ્યવસ્થિતપણે કરેલા વિચારોનું જ પરિણામ છે. (ક્રમશઃ)

## દિલડાનો રંગ

( લાવણી )

મને લાગ્યો દિલડાનો રંગ રે...રાધેશ્યામ તારો,
મારે હૈયે સમાય ના ઉમંગ રે...રાધેશ્યામ તારો.

આધિ વ્યાધિ ઉપાધિ આવે ને જાય છે,
મન મારું એનાથી લેશ ન મૂંઝાય છે;
મારો માંયલો જપ્યા કરે છે જાપ રે...રાધેશ્યામ તારો.

ધર્મ કર્મ બેઉ મારાં એકે ભુલાય ના,
આવે ફરજ હસી લેતા ચુકાય ના;
મારા હૃદયે રણઝણતો રણકાર રે...રાધેશ્યામ તારો.

રાગ, દ્વેષ, રંગઢંગ, તૃષ્ણા, તરંગ ગયાં,
તારા પ્રિય મિલનમાં સર્વ સુખ એક થયાં;
હું તો માગું સંયોગ દિન રાત રે...રાધેશ્યામ તારો.

તારી દૃષ્ટિ મહીં જ મારી સૃષ્ટિ સમાઈ,
દિવ્યતાના દેશ મહીં ભેદ ભાવના ન કાંઈ;
મળ્યો શાંતિ ને સુખનો કિનારો....રાધેશ્યામ તારો.

—કમળાબેન ઠક્કર

---



## તારા દર્શન વિના

તારા દર્શન વિનાનો હું, પ્રભુ! કેમ જીવી શકું ?
નાથ શીદ સતાવો રે, કહો ત્યાં આવી મળું. તારા.

હવે તારા વીણ જીવવું રે, જીવતર લાગે ખારુ;
કૃપા વૃષ્ટિ વરસાવો રે, વારી દઉં તનડું સારુ. તારા.

રાગદ્વેષ મિટાવો રે, કામ ને ક્રોધ તજી;
ભક્તિ ઉર ધરાવો રે, શ્યામ તારું સ્મરણ કરી. તારા.

મારા મનના ઉદ્વેગો રે, સમાવો શ્યામ જરી;
જીવન ધન્ય બનાવો રે, મન મારું મારી હરિ. તારા.

આ ભવની એક જ આશ, પૂરી કરો ભાવભરી,
તવ દર્શન પામું આજ, કરો ના ઢીલ જરી. તારા.

## હે હરિ !

દુવિધા ટાળો હે હરિ! મનની.
આગ શમાવો હ્રદય બદનની.
દુવિધા ટાળો હે હરિ! મનની.

કાળ સુવર્ણ વહ્યો તંદ્રામાં,
રાસ-લીલા યૌવનની!
જલ-મંથન નવનીતની ઝંખા!
લગન લગાવી ધનની! દુવિધા.

જીર્ણ ભવનમાં રે જીવણજી!
સુખનિદ્રા શેં જીવની?
કાળ કરાળ કરાડ હલાવે
સુવિધા નવ્ય ભવનની? દુવિધા.

રણજિત પટેલ (અનામી)



# શ્રીપ્રભુભાઈ ભક્ત

શ્રીસર્વેશ્વરી

### એક ગૃહસ્થી સંતનો પરિચય

સ્વામી આત્માનંદ ફાર્મસીના પ્રમુખ, આયુર્વેદિક કોલેજના આચાર્ય, સાધના વિદ્યાભવનના પ્રમુખ તરીકે સેવા આપી રહેલા શ્રીપ્રભુભાઈ મકનજી ભક્ત હવે કબીરવાણીના માનદતંત્રી તરીકેનું યોગ્ય સ્થાન પામ્યા ત્યારે તેઓ મારી નજરે કેવા છે તે લખવાનું સહજ રીતે જ મન થયું. મારું એ દર્શન સંપૂર્ણ નથી જ એ પણ સાચું જ છે.

સુરત જેવા શહેરમાં શિક્ષણસંસ્થા ઊભી કરવી તે કાંઈ રમત વાત નથી. વરાછારોડ ઉપર એવી સંસ્થાની જરૂરીયાત શ્રીપ્રભુભાઈએ જોઈ. એ જોઈને બેસી ન રહેતાં પોતાના જ ઘરમાં એમણે શાળા શરૂ કરાવી. પાંચપાંચ વરસ સુધી કોઈ પણ જાતની કીર્તિ કે આર્થિક વળતરની અપેક્ષા વિના શાળાનું મકાન તૈયાર ન થયું ત્યાં સુધી એમણે પોતાના ઘરના બે માળમાં ઉદારતાથી શાળા ચાલુ રખાવી. આજે તો વરાછારોડ ઉપર સાધના સોસાયટીમાં પ્રવેશતાં જ શ્રીપ્રભુભાઈની સેવા ને સમર્પણ ભાવની યશગાથા ગાતી એ સાધના વિદ્યાભવનની ભવ્ય ઈમારત જોઈ શકાય છે. એ સંસ્થામાં બાળમંદિર, પ્રાથમિક, માધ્યમિક, સીવણ વિભાગ ચાલી રહ્યા છે. આ પુરુષાર્થ ઓછો હોય તેમ એ જ રોડ ઉપર બીજી શિક્ષણ સંસ્થા ઊભી કરવાની એમનીપ્રવૃત્તિ હવે થોડા જ સમયમાં શરૂ થશે. શિક્ષણમાં તેમનો આવો ઊંડો રસ છે. સાધના વિદ્યાભવનના પ્રાણસમા શ્રીપ્રભુભાઈએ એ સંસ્થા ઊભી કરવા પાછળ તન, મન, ધનથી તનતોડ મહેનત કરી પાયાના પવિત્ર

પથ્થર બની રહ્યા. એમની એ સેવાના બદલામાં સાધના વિદ્યાભવન ટ્રસ્ટે તેઓશ્રીનું જ શુભ નામ શાળાના પ્રાથમિક વિભાગ સાથે જોડીને બહુમાન કર્યું. શ્રીપ્રભુભાઈ મકનજી ભક્ત પ્રાથમિક શાળા એ એમની સેવાનું જીવંત પ્રતિક બન્યું.

પવિત્ર રેશમી વસ્ત્રો પહેરી વરસોથી નિયમિત સવારે લગભગ બે કલાકની પ્રાર્થનાપૂજા કરવાનો એમનો નિયમ છે. દર સોમવારે દૂધનો અભિષેક કરી બિલીપત્રથી શિવની પૂજા કરવાનો ક્રમ અને નવરાત્રિ કે ગ્રહણના દિવસોમાં વિશેષ પ્રાર્થના-પૂજાનો નિયમ તો ચાલુ જ હોય. હોમહવન, કથા કે નવચંડીના ઉત્સવો તો વરસમાં કેટલીયેવાર એમને ત્યાં ઉજવાતા જ રહે.

આયુર્વેદાચાર્ય ને કાવ્યતીર્થ જેવી પદવી લઈને સુરતમાં સફળ ને શ્રેષ્ઠ વૈદરાજ તરીકેની સેવા કરતા હોવા છતાં એમનામાં એટલી બધી સાદાઈ ને નમ્રતા છે કે અજાણ્યા માણસો આવા ભદ્ર પુરુષને સહેલાઈથી ન ઓળખી શકે. સાધના વિદ્યાભવનના કોઈપણ શિક્ષકો સાથે તેઓ ખૂબ જ નમ્રતાથી સદ્‌ભાવભર્યું વર્તન દાખવે છે. શિક્ષકોની અને વિદ્યાર્થીઓની મફત સારવાર કરવાનું એમનું વ્રત તો છે જ, પણ એમની માતાની પુણ્યસ્મૃતિમાં ધર્માદા દવાખાનું પણ તેઓ વરસોથી ચલાવે છે. પોતાની દેખરેખ હેઠળ શુદ્ધ દવા બનાવવાનું સેવાકાર્ય તેઓ આત્માનંદ ફાર્મસીમાં કરે છે.

શાળાનો સમારંભ હોય, ખાતમુહૂર્ત હોય કે ઉદ્‌ઘાટન હોય પણ એમાં સંતોના આશીર્વાદને, સંતોની હાજરીને, ધાર્મિક વિધિને તેઓ હંમેશા અનિવાર્ય માનતા આવ્યા છે. સંતોની સેવા, સત્સંગનો લાભ અને તીર્થયાત્રાનો ક્રમ પણ



એમના જીવનમાં ચાલુ જ હોય છે. એમની ધર્મપ્રત્યેની શ્રદ્ધા એવી જીવંત છે. શાળાના ભવ્ય ઉદ્‌ઘાટન પ્રસંગની આમંત્રણ પત્રિકા પણ એમણે સૌ પ્રથમ ડાકોર જઈને ભગવાન રણછોડરાયના શ્રીચરણોમાં મૂકી હતી. એવા એ પ્રભુ ભક્તના સાધના સોસાયટીના ઘરમાં પ્રવેશતાં જ સંસ્કૃત શુભાષિતોના લખાણો વાંચવાનું સદ્‌ભાગ્ય સાંપડવાથી જાણે એવું લાગે છે કે કોઈ પવિત્ર દેવમંદિરમાં પ્રવેશ્યા છીએ.

શ્રીપ્રભુભાઈએ પોતાના ચારેય સંતાનોમાં પણ દેવયાનીબેનના સહકારથી ધર્મનું સાચું સંસ્કારસિંચન કર્યું છે. ચારેય સંતાનો શિક્ષિત હોવા છતાં પોતાની નક્કી કરેલી પ્રાર્થના પૂજા દરરોજ સવારે નિયમિત કરે જ છે. ધાર્મિક વાંચનમાં વિશેષ રસ તેઓ ધરાવે છે. રોજ સવારે અને રાતે સૂતા પહેલાં ઘરના બધા જ સભ્યોને નીચા નમીને રામકબીર કહીને આશીર્વાદ લેવાનો એમના રાજેશ નામના સંતાનનો નિયમ સાચે જ ધન્યવાદને પાત્ર છે.

ગૃહસ્થાશ્રમમાં ભાગ્યે જ જોવા મળે એવો સદ્‌ભાવ ને સહકાર એમના ધર્મપત્નીને શ્રી પ્રભુભાઈ તરફથી મળી રહે છે. સંસારમાં રહીને વચ્ચે વચ્ચે મૌનમંદિરમાં સાત સાત દિવસ સુધી પ્રભુભક્તિ કરવા માટે અને ડોંગરેજીની ભાગવત સપ્તાહમાં બેસવા માટેની શ્રી દેવયાનીબેનને સર્વ પ્રકારની અનુકૂળતા કરી આપવામાં શ્રી પ્રભુભાઈનો ફાળો અદ્વિતીય છે. એમના સંતાનો પણ માતાની આ પ્રભુ ઉપાસનાની રીતને અંતરથી વધાવી લે છે. શ્રી દેવયાનીબેનનો પણ દરરોજ સવારે પ્રાર્થનાપૂજા કરવાનો કડક નિયમ હોય છે. માંદગીના બિછાનેથી પણ તેઓ એ નિયમ પાળવા એટલાં જ જાગ્રત રહે છે. રામાયણનું માસપારાયણ તો ચાલુ જ

હોય પણ નવાહ્ન પારાયણ અને એક જ દિવસમાં રામાયણનું પારાયણ કરવાનો પણ એમને અનુભવ છે. દિવસ આખો ભજન કે સદ્ગ્રંથોના વાંચન ને ઘરના કામકાજમાં વીતાવે છે. શ્રી દેવયાનીબેનના આ ધાર્મિક પાસાનાં દર્શનની સાથે આ યુગમાં શહેરમાં દુર્લભ એવી એમની અતિથિ સત્કારની ભાવના પણ અભિનંદનીય છે.

ભક્ત સમાજનું આવું સંસ્કારી ને ધાર્મિક કુટુમ્બ સાચે જ વંદનીય છે. સાચે જ શ્રી પ્રભુભાઈને દેવયાનીબેનનો ગૃહસ્થાશ્રમ શાસ્ત્રોક્ત ને પ્રાચીન ઋષિઓના આશ્રમની પરંપરાને જીવંત બનાવે એવો છે. એમના ગૃહસ્થાશ્રમમાં હિન્દુ ધર્મનું સાચું દર્શન જોવા મળે છે. જ્યાં સેવા, સદ્ભાવ, પ્રભુભક્તિ ને ધર્મના સંસ્કારો જીવંત બન્યા છે.

સેવા અને સમર્પણભાવની જીવંતમૂર્તિ સમા શ્રી પ્રભુભાઈ સાચે જ ધર્મને જીવંત રીતે જીવનમાં ઉતારવાના આદર્શ પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે એવા ભદ્ર દેવપુરુષને સહેજે વંદના કરવાનું જ શોભે.



# " ओम् इत्येकाक्षरम् ब्रह्म "

કુ. મધુરિકા જોષી

'ઈશ્વરથી જ આ બધું વાસિત છે.' 'આ બધું ખરેખર બ્રહ્મ છે.' 'આત્મા બ્રહ્મ છે'; 'હું બ્રહ્મ છું'; 'વાસુદેવ જ બધું છે.' આવાં આવાં ઉપનિષદ, ગીતા તેમજ અન્ય શાસ્ત્રોમાં ઈશ્વરની જ સત્યતા અને જગતની અનિત્યતા બતાવી જીવાત્માને એ પરબ્રહ્મ સ્વરૂપ પ્રતિ વાળવા માટેનાં અસંખ્ય વાક્યો પ્રસિદ્ધ છે.

જગત તો ગતિમાન, વિકારી, નામરૂપમય, ગુણધર્મ, કર્મના ભેદવાળું હોવાથી સદાસર્વથા અનિત્ય, બંધનકારક અને ત્રિતાપથી ભરેલું હોઈ ત્યાજ્ય છે એવી સાક્ષી પણ એ જ શાસ્ત્રો આપ્યાં કરે છે.

ઈશ્વર અને જગત્ એ બેની વચ્ચે આ જીવાત્મા ઉભો છે; જગત્ ઇંદ્રિયપ્રત્યક્ષ હોવાથી સહજસાધ્ય અને અલ્પશ્રમથી ભોગવી શકાય એવું છે, એમ પ્રથમ દ્રષ્ટિએ સૌને લાગે છે; ત્યારે બીજી બાજુ ઈશ્વર અદ્રષ્ટ હોઈ, મન–વાણી તથા ઇંદ્રિયોથી અગમ્ય અને અગોચર છે, કષ્ટપ્રાપ્ય છે; તપશ્ચર્યા, ત્યાગ અને તત્પરતાથી મેળવાય એવો દુષ્કર છે,' એવું જણાય છે.

ઉપલક વિચારથી કદાચ આ સાચું લાગે પણ વિવેક અને વિચાર કરીને તપાસીએ તો ઈશ્વર કે જગતના વિષય એ બન્નેની પ્રાપ્તિમાં પરિશ્રમ તો સરખો જ છે. આર્થિક અને સામાજીક વ્યવહારમાં ઉદર નિમિત્ત કે માન મેળવવા સાચવવામાં ક્યાં થોડી મહેનતમજૂરી છે! અને એમ છતાં યે મન અને ઇંદ્રિયો સતત એમાં મચ્યાં-મચ્યાં રહે તો યે

પરિણામે તો અસંતોષ, અતૃપ્તિ અને અશાંતિ જ! લાખો કે અસંખ્ય જન્મ (અગર આ જન્મના અસંખ્ય દિવસો) ની મહેનતનું સુખરૂપ ફલ જોવા તપાસવા બેસીએ તો નફામાં મોટું બ્રહ્માંડના ઈંડા જેવડું મીંડું! બ્રહ્માંડ બનાવવા જેટલી મહેનત! ઉપરાંત જમા પાસામાં અસંખ્ય બ્રહ્માંડોના ભોગવાસનાઓની બ્રહ્માંડના જેવડી જ ગાંસડી—શી અદ્ભુત અજ્ઞાનની કરામત છે!

જન્મના જન્મ વીતી જાય, દિવસ આખો શરીરનો પરસેવો ઉતરે, મનમાં આશાઓના મહેલ બંધાય, ક્ષણેક્ષણે આકાંક્ષાના વમળો ઉઠે-સ્વપ્નાં ગોઠવાય પણ અધૂરાં જ્ઞાનથી મૂંઝવણ વધે, કર્મેન્દ્રિયો કર્મ કરતાં થાકે-હારે અને તોય મનના ઘોડાપૂર ના તોષે, 'કર્યું' ને ભોગવ્યું'' ના મનોવૃક્ષને દુઃખનાં જ ફળફૂલ અને કંટક આવ્યા કરે; ત્રિતાપની અગ્નિજ્વાળા દશે દિશામાં બળ્યા કરે તોયે आशा-पाश-शतैर्बद्धा मानवो प्रधावन्ति નો ક્રમ ચાલ્યા કરે, સંસારકાદવમાં આગળ ને આગળ ધપવાની વાસના પાછળના પરિશ્રમની કોઈ ક્યારેય ગણતરી કાઢે છે?—અસંખ્ય જન્મો બ્રહ્માનું યે ઘડપણ જાણે! બ્રહ્મા ઘરડો થાય, યુદ્ધ અને પ્રલયોનાં હાહાકાર મચે એવાં પ્રચંડ તોફાન થાય, દેવ-દાનવનાં સત્ય–અસત્યનાં, માનવ-માનવનાં અને વિશ્વનાં યુદ્ધ ખેલાય એમાં 'ત્રાહિ ત્રાહિ' ના પોકાર વિના બીજું સાંભળવાનું શું છે?

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन। ગીતા અ–૮-૧૬

(હે અર્જુન! બ્રહ્મલોકથી માંડીને બધા લોક પુનરાવર્તન પામે છે!) એ બ્રહ્મલોક એટલે બ્રહ્માની સૃષ્ટિઓ; અને બ્રહ્માના દિવસો કેટલા છે એ જાણો છો? વિષયાન્તર થાય છે પરંતુ એ કાલની થોડી જુગજૂની ગણત્રી મુજબ આપણાં એક હજાર યુગનો એક દિવસ અને એક હજાર યુગની એક રાત્રી તે બ્રહ્માના રાત-દિવસ થાય.



બ્રહ્માના દિવસરાત્રિની સંખ્યા માનવવર્ષ પ્રમાણે બહુ મોટી થાય છે; એટલા કાલમાં આ જગતમાં અસંખ્ય ઉથલપાથલો થાય; આજના રોકેટયુગની Fast life નું તો પૂછવું જ શું! અને ઈશ્વરને ન ઓળખનારો માવનજીવડો તો બ્રહ્માંડમાં ફરતો ફરતો, સંસારચક્રની ધારમાં કપાતો ને છોલાતો કેટલો ને કેવો થઈ જતો હશે! ભગવાન એવાઓને નરાધમ કહેવા સુધીની હદે પહોંચે છે:

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यंते नराधमाः।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः॥ ગીતા અ–૭–૧૫

અર્થ—માયા વડે જેમનું જ્ઞાન હરાઈ ગયું છે, એવા મૂઢ અને કુકર્મી નરાધમો આસુરી સ્વભાવમાં પડવાથી મારે શરણ આવતા નથી.

નરાધમ થવામાં કારણભૂત માયા છે; માયા એટલે જે શક્તિના કારણો, શોધનારના પોતાનામાં હોય છતાં ખબર ન પડે અને એના કાર્ય દ્વારા આવી પડતાં સુખદુઃખાદિનાં કારણો પોતાનાથી અન્યત્ર બીજામાં આરોપણ કર્યા કરાય, એવા ભયંકર અજ્ઞાનને જ માયાના નામથી શાસ્ત્રકારોએ ઓળખાવી છે. બંધનથી મોક્ષ સુધીની સાત અવસ્થાઓ નીચે પ્રમાણે છે.

(૧) અજ્ઞાન (૨) આવરણ (૩) વિક્ષેપ (૪) પરોક્ષ જ્ઞાન (૫) અપરોક્ષ જ્ઞાન (૬) શોકનિવૃત્તિ (૭) નિરંકુશ તૃપ્તિ.

આ સાતે ય અવસ્થાનું સ્પષ્ટીકરણ કરીએ તો—

(૧) અજ્ઞાનઃ-(૧) કોઈપણ વિષય કે વાતના સંબંધે તપાસ

ચલાવવા છતા પણ જ્યારે કાંઇ સમજાય નહિ ત્યારે "હું કાંઇ જાણતો નથી" એ જાતનું અજાણપણું. (૨) સમજાયું ને ન સમજાયું એવી સ્પષ્ટતાના અભાવે એ સંબંધમાં મૂંગા જ રહેવું પડે એવા ઉદાસીન વ્યવહારનું કારણ (૩) અમુક વસ્તુ કે વાત જાણવા-સમજવાનો પહેલાં વિચાર જ ન આવે એવી અવસ્થા. આ ત્રણ અવસ્થાને અજ્ઞાન એવું નામ આપ્યું છે; આનાં જે પરિણામ આવે એ પણ અજ્ઞાનનાં જ કાર્ય કહેવાય છે.

(૨) આવરણ:—બુદ્ધિના અનેકવિધ તર્ક-વિતર્ક ને કારણે—

(૧) 'ઈશ્વર કે પરમતત્ત્વ જેવું કંઈ જ નહીં' એટલે કે વસ્તુનું અસ્તિત્વ જ મન ન કબુલે એ અસત્વનું પ્રથમ આવરણ.

(૨) 'ઈશ્વર દેખાતો નથી.' 'છે તેની સાબિતી શું?' એવા અદર્શનનું કારણ અભાન આવરણ છે.

(૩) વિક્ષેપ:—અજ્ઞાન અને આવરણને લીધે "હું શરીર છું, કર્તા ભોક્તા છું," એવી દેહને જ આત્મા માનીને વ્યવહાર કરવાવાળી અવસ્થા વિક્ષેપ કહેવાય છે, કારણ કે આત્માને ભૂલી-વિસારીને દેહભાવ સ્વીકાર્યો એટલે ત્રિગુણાત્મક વ્યવહારના ત્રિતાપ દેહમાં અવશ્ય પ્રવેશ કરવાના જ; અને એ ત્રિતાપને કારણે મન ડહોળાય એટલે સ્થિર જલમાં સામાન્ય કાંકરીથી કે પવનના ઝપાટાથી જેમ તરંગ ઉભા થાય, તેમ મનમાં રાગદ્વેષાદિ દ્વંદ્વની અસંખ્ય વૃત્તિઓની ગડમથલ થવા માંડે એ વિક્ષેપ કહેવાય છે.

(૪) પરોક્ષજ્ઞાન:—પરમવસ્તુ "બ્રહ્મ છે"-'ઈશ્વર છે' એવું શાસ્ત્રજ્ઞાનથી, જપતપથી કે સંતસમાગમથી સમજાવું-



મનાવું શરૂ થાય તેને પરોક્ષજ્ઞાન કહેવાય છે. ક્રમેક્રમે અભ્યાસથી ઈશ્વરસબંધેની નાસ્તિકતા નીકળી જાય છે—આસ્તિકયબુદ્ધિ ઉપજે અને ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર એ પરોક્ષજ્ઞાન કહેવાય છે.

(૫) અપરોક્ષજ્ઞાન:—ઈશ્વરના અસ્તિત્વને સ્વીકાર્યા બાદ એ માર્ગે જવાનો દૃઢ નિશ્ચય થાય. ઈશ્વર અને હું સ્વરૂપ અંતરાત્મા એક છે. આત્મા અને બાહ્ય લાગતું બ્રહ્મ એક છે અભેદ છે. જીવનું લક્ષ્ય જીવશિવની એકતા છે તે અપરોક્ષ જ્ઞાન કહેવાય છે.

વ્યવહારની લીલં-દ્વંદ્વના ઉભરામાં આત્મદૃષ્ટિનું ભાન ક્યારેક રહે તો ક્યારેક ચાલ્યું જાય પણ પછીથી સતત આત્મજાગૃતિ આવે.

( ૬ ) શોકનિવૃત્તિ:—'હું અને મારૂં' 'કર્તા અને કર્તૃત્વ' ના ભાવનો નાશ થતાં કશામાં મોહ રહે નહીં. મિથિલાપતિજનક નગરી બળતી હતી તો પણ સ્થિરચિત્તે ભાગવત સાંભળતા રહ્યા તેમને રાજા હોવા છતાં મિથિલા મારી છે નો ભાવ નાશ થયો હતો પછી દોડવા શોધ કરવાપણું કશું હતું નહીં. આ અવસ્થાને શોક નિવૃત્તાવસ્થા કહી શકાય.

નિરંકુશ તૃપ્તિ:—શોક, મોહ, લોભનો નાશ થયા પછી મન ઈશ્વરમાં જ રાચ્યાં કરે. ભૌતિક પરીપાટી સ્પર્શે જ નહીં. રોટી, કપડા, રહેઠાણની કશી જ ચિંતા વિના આવા જીવો અલખના અવધૂતો અલખ-નિજાનંદ-સ્વમસ્તીમાં વિચર્યા કરે. નરસિંહ, મીરાં કબીર, રામકૃષ્ણ, બુદ્ધ, વિવેકાનંદ યોગાનંદ આનંદમયીમા કે યોગેશ્વરજી વિ. ભક્તિ, યોગ, ધ્યાન, જ્ઞાન વગેરે જે કોઈ માર્ગેથી આગળ ધાયા પણ છેડે જતાં ઇશતૃપ્તિનો આનંદ અને તુરીયાવસ્થા કે પછી ultimate tru-

th ના White oceon of joyous peace માં ડૂબેલા અને નિરંકુશ તૃપ્તાવસ્થામાં રાચતા જણાય. તે જ્યાં-જેમાં ખોવાયા છે તેને ઇશ્વર કે પરમાત્મા આપણે સામાન્ય રીતે કહીએ છીએ.

હવે એ ઈશ્વર-પરમાત્માનું કયું નામ સ્વાભાવિક છે એનો વિચાર કરીએ : ઉપનિષદો તો જાણે ઓમ્કારની પ્રશંસા કરતાં થાકતાં જ નથી. ઓમ, પ્રણવ, ઉદ્ગીથ એવી ભિન્ન ભિન્ન સંજ્ઞાથી ઓળખાવીને એની એકધારી ઉપાસના કરનારને એ હક, પારમાર્થિક લાભ થાય એમ મુક્તકંઠે કહે છે. સગુણ કે નિર્ગુણ, સાકાર કે નિરાકાર, સકામ કે નિષ્કામ, એવી બધી ઉપાસનામાં આદિથી અંત સુધી ઓતપ્રોત બની રહે એવા વૈદિક પુરાણોના મંત્રોમાં એનો ઉપયોગ થાય છે, એ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે 'ઓમ્' નો શબ્દાર્થ અને એનો ધ્વનિ બંને ચિત્ત અને પ્રાણ ઉપર દિવ્ય પ્રભાવ પાડે છે; આનન્દ અને સ્ફૂર્તિ દ્વારા આત્મજાગ્રતિ કરાવે છે, પ્રાણમાં ચૈતન્ય પૂરી વિષયપ્રવૃત્તિમાંથી આત્મનિવૃત્તિ તરફ વાળે છે અને બુદ્ધિના જ્ઞાનવનમાંથી કંટકવૃક્ષ કે ઝાળાંઝાંખરા કાપી નાખીને આત્મજ્ઞાનના સદોદિત વૃક્ષને ફૂલફળથી પલ્લવિત કરે છે.

ઈશ્વરના સ્મરણમાં પ્રણવની સાધના સર્વોત્તમ છે, એમ વેદવેદાંગ, પુરાણ, સ્મૃતિ, ગ્રન્થો બધાં જ સરખો ઉલ્લેખ કરે છે. માંડૂક્ય ઉપનિષદ્ તો પ્રણવનું જ ઉપનિષદ્ છે. જલ, વારિ, ઉદક શબ્દોમાં સ્વર વર્ણ જુદા જુદા છે, પણ પ્રત્યેયનો અર્થ તો પ્રત્યક્ષ અનુભવાતું પાણી છે તેવી જ રીતે ઈશ્વર બોલો, ઓમ્ બોલો કે પ્રણવ કહો તેનો અર્થ તો સર્વાન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા જ છે.



ઈશાવાસ્ય ઉપનિષદ્ જેમ ઈશ શબ્દની વ્યાપકતા સમજાવે છે તેમ આ માંડૂક્ય ઉપનિષદ્ નીચે પ્રમાણે આરંભ કરે છે.

ॐ इत्येतदक्षरमिदं सर्वम शब्दो छूटा पाडीએ तो ॐ इति एतद् अक्षरम इदम सर्वम એટલે કે ॐ (ઓમ્) આવો આ અક્ષરમાં જ આ બધું સમાયું છે.

ઈશ્વર જેમ સર્વવ્યાપક અને બધું જ છે, તેમ ઓમ પણ બધું છે. બે વસ્તુ બધું હોઇ શકે નહીં, એટલે વસ્તુ તો એક જ છે, પણ એના નામાભિધાન બે છે. ભગવદ્ગીતામાં જેમ "ઈશ્વર સર્વના હૃદય પ્રદેશમાં રહે છે," એમ કહ્યું છે, તેમ ગૌડપાદાચાર્યે માંડૂક્ય ઉપનિષદ્ની કારિકામાં કહ્યું છે કે—

प्रणवं हीश्वरं विद्यात्सर्वस्यहृदि संस्थितम ।
सर्वव्यापिनमोंकारं मत्वा धीरो न शोचति ॥

અર્થઃ—પ્રણવને જ બધાના હૃદયમાં રહેલો ઈશ્વર સમજો; આ સર્વવ્યાપી ઓમ્કારનું મનનકરીને ધીર માણસ શોક કરતો નથી. ઈશ્વરનું નામ ॐ ઓમ્ છે એવો નિર્ણય ઋષિઓએ આત્માનુભવ પછી જ કર્યો છે.

સંકલ્પમાંથી સર્જન થયું. ॐ માંથી જગત્ ઉદ્ભવ્યું. સત્ત્વ, રજસ્, તમસ્ ભાવો બંધાયા, બ્રહ્મા વિષ્ણુ મહેશ દ્વારા સર્જન-પાલન-સંહારનું કાર્ય આગળ ધપ્યું. છૂટો પડેલ આત્મા આ ત્રણ જીવગુણોથી બંધાઇ મૂઢ બને-કાર્ય કરે-જાગે અને ફરી ॐ માં સમાય તે બંધન મુક્તિ ગીતાકારે ગીતામાં उर्ध्वमूलम् अधः शाखम वाળા જે વૃક્ષની વાત કહી છે તેના મૂળ ઉપર આકાશમાં ॐ માં પરમાત્મામાં છે અને તેનો વ્યાપક વિસ્તાર ધીરે ધીરે નીચે મનુષ્ય-પ્રાણીમાં આવી વ્યાપી રહ્યો છે.

આ સર્વવ્યાપક ઈશ્વર ॐ પ્રાણીમાત્રના હૃદયમાં સતત, સ્થાયી અને જાગ્રત છે. એટલે એનું મનથી ચિંતવન, ચિત્તથી

સ્મરણ, બુદ્ધિથી જ્ઞાન અને વાણીથી નામસ્મરણ (જપ) એ મનુષ્યનું તો શું પણ પ્રાણીમાત્રનું કર્તવ્ય બને છે. પતંજલિ ઋષિ એનો જપ તથા અર્થની ભાવના કરવાનું કહે છે.

तज्जपस्तदर्थभावनम ।

ઈશ્વર પ્રાણીમાત્રના સ્મરણમાં રહે અને ઈશ્વર અને ઓમ્‌નો અભેદ સમજાય એટલે એ જ્ઞાનપ્રકાશવડે જીવાત્મા જ્ઞાન પામે તથા સ્વરૂપભૂત સચ્ચિદાનંદ પ્રકાશનો આવિર્ભાવ થાય એ સ્વાભાવિક છે. આવરણ અને વિક્ષેપનું મૂળ કારણ અજ્ઞાન છે. અજ્ઞાનરૂપ કારણનો નાશ થાય એટલે કાર્યરૂપ અને વિક્ષેપ પણ નાશ પામે એ સ્વાભાવિક છે, એજ છે પ્રાણીમાત્રનું ધ્યેય; પરાપૂર્વથી ઋષિઓએ માનવકલ્યાણ માટે યોજી રાખેલો ધોરી માર્ગ—એ જ રાજયોગ—સીધો અને સરળ ઉપાય.

જેમ બાળક અને વૃદ્ધની સ્થિતિમાં ઘણું સામ્ય હોય છે તેમ પરમાત્મામાંથી છૂટા પડેલ જીવ અને મોહનાશ પછી ફરી પરમાત્મા તરફ જઈ રહેલા જીવની સ્થિતિ કાંઈક અંશે સરખી હોય છે.

બધા જ વિષયો-સાહિત્ય, સંગીત, કલા–શિલ્પ, વિજ્ઞાનનો છેડો, જો ઉંડાણમાં ઉતરીએ-છેડે પ્હોંચીએ તો જ્યાં આવે તે ઓમ્ છે અને તેમાંથી જ આ વિષયો ઉદ્‌ભવ્યા છે.

છાંદોગ્ય ઉપનિષદના તૃતીયખંડમાં જે મધુવિદ્યા અને મધુબ્રહ્મ્‌નો નિર્દેશ છે તે આ ઓમ્‌નો મહિમા રજુ કરે છે. આમ તો આખો ઉપનિષદ્‌સમૂહ ઓમ્‌ના દિવ્ય અને અનાહત ધ્વનિથી ગાજી ઉઠેલો છે. સગુણ કે નિર્ગુણ, સકામ કે નિષ્કામ બન્ને પ્રકારની શુભ પરિણામી ઉપાસનામાં એની એટલી બધી મહત્તા છે કે એ તો એનો અનુભવ કરનાર જ જાણે."



(અનુસંધાન ૯ નું ચાલુ)

ગમે તેવાં પણ અમે તમારાં બાળકો છીએ. તમે અમારી સંભાળ નહિં લો તો અમારું કોણ? અમોને સંપૂર્ણપણે તમારાં બનાવી દો... "કુપુત્રો જાયેત કવચિદપિ કુમાતા ન ભવતિ ।

હે સર્વેશ્વરી-હે કરુણેશ્વરી
હે મા કાલી જગદંબા
સચરાચર મહિં તું જ વિરાજે
ચરણે તારા સદા પ્રણામ.
મા, ચરણે તારા સદા પ્રણામ.

પુત્ર કદી કુપુત્ર થાય, પરંતુ માતા તો કદી કુમાતા થતી નથી. એટલું જ પરંતુ ભગવાન શંકરાચાર્યે કહ્યું છે કે—

મત્સમઃ પાતકી નાસ્તિ
પાપઘ્ની તત્સમા નહિ ।
એવમ્ જ્ઞાત્વા મહાદેવિ
યથા યોગ્યમ્ તથા કુરુ ।।

"હે મા, મારા જેવો કોઈ પાપી નથી, અને તારા જેવી પાપનો નાશ કરનારી નથી. એવું જાણીને હે દેવી, મારા માટે જે યોગ્ય હોય તેજ કરશો."

---

## સુધારો

ઓકટો. ૮૧ના અંકમાં પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને શ્રદ્ધાંજલિ આપતા લખાણમાં ભૂલથી પૂ. માતાજીની મૃત્યુ તારીખ ૪-૮-૮૦ છપાઈ છે. ખરી તારીખ ૪-૧૦-૮૦ છે.

# માન્યતાની કેદ

મણિભાઈ ર. દવે

મનુષ્ય સત્ય લઈને જન્મ્યો છે, સત્યમાં જીવે છે, છતાં તે સત્યનો અનુભવ કેમ કરતો નથી ? તેનું કારણ તે જેનું ચિંતન કરે તેનો અનુભવ કરે. તે સદા બહારનું એટલે સંસારનું ચિંતન કરે છે. એટલે તેનો અનુભવ કરે છે. અને તેથી તે સત્યમાં જીવતો હોવા છતાં તેના અનુભવનો નિશ્ચય ડગી ગયો છે. શાસ્ત્રો અને સંત પુરુષો કહે છે કે આખી સૃષ્ટિનો આધાર પ્રભુ છે. માનવ જીવનમાં પણ પ્રભુ જ તેના હૃદયમાં ધબકી રહ્યો છે. તે વાત બધા મનુષ્યો સાંભળે છે ખરા, પરંતુ તેવો અનુભવ તેમને વાસ્તવિક જીવનમાં થતો નથી. માનવ જીવનમાં અનુભવ અને નિશ્ચય પરસ્પરાવલંબી છે. જેનો તમને નિશ્ચય થાય તેનો અનુભવ થવા માંડે. અને જેનો રાત દિવસ અનુભવ થવા માંડે તેનો નિશ્ચય બંધાય. આપણે પ્રભુનો નિશ્ચય ગુમાવ્યો છે કારણ કે રાત દિવસ અનુભવ ભોગ અને વાસનાનો કરીએ છીએ. પ્રભુનો અનુભવ કરવા માટે તેમનું ચિંતન અને ચિંતનદ્વારા નિશ્ચય બંધાવો જોઈએ. નિશ્ચય અનુભવ લાવે અને પછી અનુભવને દૃઢ કરે છે.

આપણે મૂળરૂપે તો ચરાચર વ્યાપી ચૈતન્ય છીએ. પરંતુ આપણે પોતાને દેહથી વિશેષ કાંઈ પણ અનુભવતા નથી એટલે દેહરુપ બની ગયા છીએ. દેહનાં સુખદુઃખ આપણાં માની લીધાં છે. આપણે વિરાટ હોવા છતાં, અનુભવમાં દેહ અને મનની મર્યાદામાં પુરાયેલા છીએ. આપણું મન કલ્પના અને માન્યતામાં આપણા જીવન ચૈતન્યને મર્યાદિત કરે છે આપણે દરેક વસ્તુની વ્યાખ્યા અગર માન્યતા બાંધ્યા વિના રહી



શકતા નથી. આપણા સમક્ષ જે કાંઈ રજુ થાય છે તે પ્રભુનું સ્વરૂપ હોય છે. પરંતુ આપણે આપણા વિષે બ્રાહ્મણ, પંડિત, કાળો-ગોરો પુરુષ, સ્ત્રી એમજ ઓળખીએ છીએ પરંતુ આ બધું ચૈતન્યમાં હોઈ શકે નહિ. શુદ્ધ ચૈતન્ય નામ રૂપ વિનાનું છે. પરંતુ આપણે તેનો અનુભવ ગુમાવ્યો છે. કારણ કે આપણી પાસે જે સાધન તેને અનુભવવા માટે છે તે પોતે મર્યાદિત હોવાથી તે સત્યને જેમ છે તેમ અનુભવી શકતું નથી. આપણી પાસે અનુભવનું સાધન છે. તે કાંતો કોઈ પણ માન્યતા બાંધવાનું છોડી દઈ શૂન્ય બની જાય અગર એટલું બધુ વિસ્તૃત બની જાય કે પોતાની જાતને બ્રહ્મમાં લીન કરી દે. આ બંને પ્રકારે આપણા મનરૂપી મર્યાદિત સાધનને સત્ય ઝીલવા માટે લાયક બનાવવાની જરૂર છે સત્યનો અનુભવ કરવા માટે મૌન અને શૂન્યનો માર્ગ, અગર મૂળ જે જેમાંથી નીકળ્યું છે તેનાં લય કરી હું પોતે બ્રહ્મ છું એવું અનુભવવા માટે મનનું વિસ્તૃતીકરણ કરવાનું છે. વેદાન્તના ઋષિઓએ મનનું વિસ્તૃતીકરણ કરીને તેનો બ્રહ્મમાં લય કર્યો અગર વ્યાખ્યા બનાવતું બંધ કર્યું. ત્યારે સત્યનો અનુભવ થયો. સત્યનો અનુભવ ન થવા દેનાર આપણું મન છે, તેવું આપણે કદી વિચારતા નથી. અને બધી ધાર્મિક ક્રિયાઓ આપણું મન સાથે રહીને કરાવતું હોય છે. આપણને પવિત્ર, અપવિત્ર, શુભ અશુભ સારું-ખોટું, વગેરેનું ભાન કોણ કરાવે છે ? તે આપણું મન છે. આપણે તીર્થસ્થાનોમાં સ્નાન કરી, આપણી જાતને પવિત્ર થયેલી માનીએ છીએ, ત્યારે પાછા અપવિત્ર થઇ ગયેલા માનીએ છીએ. આ બંને ભાવો કોણ કરાવે છે ? આપણું મનજ. સત્ય તો દ્વંદ્વથી પર છે જે રાગ અને દ્વેષ, પવિત્ર અપવિત્ર, શુભ અશુભની ભાષા સમજતું જ નથી. તેની ભાષા તો તથાતાની (મૂળ તત્વની અથવા તો તત્ત્વસ્થિતિની) છે.

જીવનમાં જે પ્રગટે અગર આવી મળે, તેને કોઈપણ વ્યાખ્યા આપ્યા વિના સ્વીકારવું. તે સત્ય પામવાની ઉત્તમ રીત છે. તેમાં મનને કોઈપણ માન્યતા પેદા કરવાનો ચાન્સ (તક) ન મળે. મનને માન્યતા બાંધવાની તક જેમ ઓછી મળે તેમ જીવવું જોઈએ. તથાતાનું જીવન જીવનારમાં મન ટકી શકતું નથી. એટલે સત્ય આપોઆપ પ્રગટ થાય છે. સાધકે જો સાવચેત રહેવાનું હોય તો પોતાના મન પ્રત્યે રહેવાનું છે. જે ગમે તે રીતે પોતાનો બચાવ ખોળતું હોય છે. અને ધર્મ તરફ વળેલા માટે તે વધારે સૂક્ષ્મ બની ધાર્મિક ગણાતી ક્રિયાઓ કરાવે છે. તેમાં પણ બીજાની સ્પર્ધા અને સરખામણી કરવા તરફ સાધકને લઈ જાય છે. કાંઈપણ કરવું નથી. તેવું સાધકને સુઝવા દેતું નથી. સત્ય સદા કાંઈપણ ન કરવાની ધીરજથી મળે છે. માણસ કાંઈપણ કરે છે, એટલે તે એવું માનતો થાય છે કે હવે તેને સત્ય માનવાનો હક પેદા થયો, અને પોતાના આવા હક્કની ભ્રાન્તિમાં તે અધીરો બની જાય છે. સત્ય કાંઈપણ કરવાની વૃત્તિ જ્યારે વિરમી જાય ત્યારે મળે છે. તેના માટે તમે જેવા છો અને જ્યાં છો ત્યાં રહી સત્ય પ્રત્યે ફક્ત ભાવપૂર્વકની અનન્ત પ્રતિક્ષા કરવાની છે. સત્યતો તમારી આજુબાજુ સાગરની જેમ વિંટળાયેલું છે. પરંતુ તેનું ભાન ન થવા દેનાર તમારું મન છે. મન વ્યવહાર માટે બરાબર છે. પરંતુ અધ્યાત્મમાં તેની ક્રિયાશીલતા બાધક બને છે. ધ્યાન એકજ એવો માર્ગ છે કે જ્યાં મનના બધા તરંગોને બંધ થઈ જવું પડે છે. મનને અમન થઇ જવું પડે ત્યારે વ્યકિત ચેતનાનો સંપર્ક સાધી શકે જેને આપણે સમાધિ કહીએ છીએ.



# નૌલિ

મણીલાલ શાહ


ઉડ્ડિયાનમાં પેટને ઉંડુ લઈ જવાનું હોય છે પણ નૌલિમાં પેટના નળ અર્થાત્ ઉભા બે સ્નાયુઓને ઉપસાવી તેમને ડાબી તરફ અને જમણી તરફ ખેસવવાના હોય છે એને નૌલિ કહેવામાં આવે છે. લૌલિકી એવું એનું બીજું નામ પણ છે. હઠયોગની ષટ્ક્રિયામાં એનો સમાવેશ થયો છે ને પેટની અંદરના તમામ અવયવોના આરોગ્ય માટે યોગની આ એક સર્વોત્તમ ક્રિયા છે.

ઉડ્ડિયાન જેમ ઉભા ઉભા અને બેઠા બેઠા થાય છે તેમ નૌલિ પણ બંને રીતે થઈ શકે છે. અહીં ફક્ત ઉભાજ કરવાનું દેખાડયુ છે. બેઠા બેઠા નૌલિ કરવાની બસ્તિકર્મમાં જરૂર પડે છે.

ઉડ્ડિયાન જ્યારે છોડી દઇએ છીએ ત્યારે પેટ સમતલ થઇ જાય છે પરંતુ નૌલિમાં કેવળ પેટના નળ અર્થાત્ પેટના ઉભા બે સ્નાયુઓને ઉપર પાંસળીઓ સાથે અને નીચે પેડુ પાસેના કટિઅસ્થિને લાગેલા છે તેમજ બહાર ઉપસાવવાના છે અને પેટનો બાકીનો ભાગ ઊંડોજ રહે છે. અર્થાત્ પીઠને ચોંટેલો રહે છે અને તેમ પેટના નળને ઉપસાવ્યા પછી પ્રયત્નપૂર્વક તેને ડાબી અને જમણી તરફ અને જમણીથી ડાબી તરફ ચલાવવાનો હોય છે.

નૌલિની સમગ્રક્રિયા અનુક્રમે મધ્યે, દક્ષિણ અને વામ નૌલિ એમ ત્રણ ભાગમાં ક્રમસર શિખવી જોઇએ.

નૌલિમધ્યમઃ-(૧) ઓગષ્ટ '૮૧ના અંકમાં ઉભા ઉભા ઉડ્ડિયાનની સ્થિતિમાં-ચિત્ર નં. ૨ પ્રમાણે ઉભા રહો.




(૨) ઉડ્ડિયાન કરો. (૩) હવે બંને હાથનું દબાણુ સાથળપર વધારી પેટના ઉભા બંને સ્નાયુઓને પેડુમાં આવેલા તેના મૂળમાં ઠેઠ પાંસળીસુધી અંદરથી પ્રયત્નપૂર્વક જોરદાર ધક્કો મારો એટલે પેટના મધ્ય ભાગમાં બંને નળ અર્થાત્ ઉભા બંને સ્નાયુઓ બહાર ઉપસી આવશે જુઓ ચિત્ર-નં.૩



આ ક્રિયા કરતી વખતે ઘણા આખું પેટ બહાર કાઢે છે પણ પેટના ઉભા બે સ્નાયુઓનેજ આકુંચિત કરીને બહાર કાઢવાના છે. બંને પડખેનો પેટનો ભાગ બંને તરફ શિથિલ રીતે દબાયેલોજ રહે છે. આ ક્રિયા જરા અઘરી છે પણ વારંવારના અભ્યાસથી આવડી જાય છે.

નૌલિ વામઃ– મધ્ય નૌલિમાં પેટના બંને ઉભા સ્નાયુનો બરોબર વચ્ચે ઉપસેલાં રહે છે પણ વામનૌલિમાં તેને ડાબી બાજુ ખસેડી ઉપસેલા રાખવામાં આવે છે.

(૧) બંને સાથળ ઉપર હાથ રાખી ઉભા રહો.

(૨) હવે નીચાનમી સાથળ ઉપર બંને હાથે સરખુ વજન દો. અને મધ્યનૌલિ કરો. હવે ડાબા હાથ પર થોડુ વજન વધારી તે તરફ નમી જમણા હાથનું વજન થોડુ ઓછું કરો. સાથે સાથે પ્રયત્નપૂર્વક બંને ઉભા નળને ડાબી તરફ ખેસાવો એટલે નળ ડાબી તરફ ખસી જશે જુઓ ચિત્ર નં. ૧ આમ કરતી વખતે બંને સ્નાયુઓમાંથી જમણી તરફનો સ્નાયુ શિથિલ રહે છે કે પ્રયત્નપૂર્વક શિથિલ રાખવામાં આવે છે. અને પછી ફરી પાછા મધ્યમાં લાવી મધ્ય નૌલિ કરી પછી મધ્ય નૌલિ છોડી દેવી.

નૌલિદક્ષિણઃ—વામ નૌલિની જેમ પણ તેથી ઉલટી રીતે કરવાની હોય છે. આમાં જમણી તરફ જમણા હાથે વધારે ભાર દઈ, જમણી તરફ થોડું નમી ડાબા હાથનો ભાર ઓછો કરી પ્રયત્ન પૂર્વક નળને જમણી તરફ ખેસવવાના હોય છે, જુઓ ચિત્ર નં. ૧ આ વખતે પેટની ડાબી બાજુઓ સ્નાયુ શિથિલ રહે છે

મધ્ય, વામ અને દક્ષિણ નૌલિ બરાબર આવડી જાય પછી નૌલિની સળંગ ક્રિયા કરતા શિખવાની હોય છે પણ તે ત્રણેય નૌલિ ઉપર સારો કાબુ આવી જાય પછી જ શકય બને છે.

નૌલિની સળંગ ક્રિયામાં મધ્યનૌલિ કરીને તરત ડાબી તરફ નળ લઈ જઈ તરત જ મધ્યમાં લાવી અટક્યા વિના જમણી તરફ લઈ જવાના છે અને પાછા ઉલટાક્રમમાં ડાબી તરફ લાવવાના છે. આથી ઉલ્ટી રીતે અર્થાત્ જમણેથી શરૂ કરી ડાબી તરફ લઈ જઈ પાછા જમણી તરફ પણ લાવી શકાય. આટલું થાય ત્યારે નૌલિનો એક આંટો પૂરો થયો ગણાય. એક શ્વાસે ચાર પાંચ કે પાંચ સાત આંટાં મારીએ ત્યારે નૌલિનું એક આવર્તન થયું ગણાય. શરૂઆતમાં આવા બે ત્રણ આવર્તનો કરવાં ને વધીને સાત આઠ સુધી કરી શકાય.

ફાયદાઃ—પેટના અંદરના તમામ અવયવોને જેવા કે નાના મોટા આંતરડા, જઠર, લીવર, વગેરેને નિરોગી અને સબળ બનાવે છે.

સૂચનાઓ:—

(૧) શૌચ ગયા પછી ખાલી પેટે કરવી.

(૨) હાઈબ્લડપ્રેસરમાં ન કરવી.

(૨) પેટના કોઈ દુઃખાવામાં ન કરવી.

(૪) ૪૦–૪૫ વર્ષ પછી યોગવિદ્‌ની સલાહ લઈને કરવી.

(૫) ચૌદ વર્ષની વય વટાવી ન હોય તેવા છોકરાછોકરીઓએ પણ ન કરવી.

(૬) નૌલિ શ્વાસ રોકીને કરવાની હોઈ, શુંગળામણ થાય તે પહેલાં નૌલિ પૂરી કરવી.

**અધ્યાત્મને સહાય**

૧૦૦, અમદાવાદ (પાલડીના) એક સદ્‌ગૃહસ્થ તરફથી.
૨૧, શ્રી મંછારામભાઈ વી. રામાનુજ (મોરબી) તરફથી પુત્રી દર્શનાના લગ્ન પ્રસંગે.
૧૫, પંડ્યા હરસુખરાય ગંગાશંકર (રાજકોટ) તરફથી પુત્રના જન્મદિન પ્રસંગે.



# વેદો કલ્પતરુ છે.

પ્રા. જનાર્દન દવે.

મનુ મહારાજે મનુસ્મૃતિમાં ધર્મને જાણવા માટેનાં શ્રુતિ, સ્મૃતિ, સદાચાર અને આત્માનું માર્ગદર્શન એમ ચાર પ્રમાણો બતાવ્યાં છે.

આ બધામાં શ્રુતિઓ એટલે કે વેદો પરમ પ્રમાણ છે. તેમને નિગમો પણ કહેવાય છે; કારણકે તેમાં મનુષ્યનાં ધ્યેયો નિશ્ચયપૂર્વક બતાવવામાં આવ્યા છે. શ્રીમદ્ ભાગવત વેદોને કલ્પતરુ કહે છે. કલ્પતરુ એટલે એવું. વૃક્ષ જેના આશ્રય નીચે જવાથી જે માગીએ, જે કામના સેવીએ, તે બધું મળે.

વેદો પાસે આપણે ધર્મની જિજ્ઞાસાથી જઈએ તો ધર્મનું માર્ગદર્શન મળે. વેદોના દર્શાવ્યા પ્રમાણે ક્રિયા-ઉપાસના કરવામાં આવે ત્યારે ધર્મસિદ્ધ થાય. જૈમિનિ જેવા પૂર્વ-મીમાંસાના આચાર્ય અને પૂર્વમીમાંસા પર ભાષ્ય લખનાર શબર સ્વામી તો એવું માનતા કે વેદો બધા જ ક્રિયાકાંડ પરાયણ જ છે. ક્રિયાકાંડ સિવાય તેમાં કોઈ પૂર્વ સિદ્ધ પદાર્થ કે વસ્તુના વર્ણનો હોય તો તે પણ થનાર યજ્ઞાદિ પ્રક્રિયામાં ઉપયોગી હશે એટલે જ તેમાં સિદ્ધ પદાર્થોનાં વર્ણનો છે, અન્યથા વેદો તો કર્મકાંડ પ્રધાન ધર્મ જ બતાવે છે. આ આચાર્યો તો એટલા બધા આગ્રહી હતા કે વેદોમાં–ઉપનિષદોમાં બ્રહ્મનું વર્ણન પણ યજ્ઞયાગની ક્રિયાના ભાગરૂપે ગણવું

આપણે આવા એકાંતિક વલણની ચર્ચામાં પડવું નથી. અત્યારે તો આપણે એવું વિચારીએ છીએ કે વેદો આપણને કલ્પતરુ હોવાથી ધર્મનું ઉપયોગી માર્ગદર્શન આપે છે. વળી

વેદો પાસે આપણે અર્થપ્રાપ્તિ માટે અને લૌકિક કામનાઓથી જોઈએ તો વેદોમાં એવા પણ મંત્રો અને પ્રયોગો છે જે આપણને દ્રવ્યસુખ અને ઇંદ્રિયોનાં સ્થૂળ સુખો પણ આપે છે. આ જ વેદો આપણને આપણી ઇચ્છા હોય તો મોક્ષ પણ સંપાદન કરી આપે છે-અર્થાત આત્મદર્શનની ચાવી બતાવે છે.

આમ વેદો કલ્પતરુ ચોક્કસ છે–પણ કલ્પતરુ તેને સ્વકીય પોતાનું જ ગણાય તેવું ફળ તો હોવું જોઈએને ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ તો આપણી અપેક્ષા પ્રમાણેનાં ફળો છે. વેદોમાં એવી ક્ષમતા છે કે આપણી અપેક્ષા પ્રમાણેનાં ફળો તો ચોક્કસ તે આપે જ પણ આ ધર્માદિ ચાર ફળો વેદનાં પોતાનાં નથી. આપણી કામના મુજબનાં છે એટલે આપણે માગી લીધેલાં, તોડી લીધેલાં છે

તો પછી વેદોનું સ્વકીય ફળ શું ? વ્યાસ ભગવાન તેનો ઉત્તર આપતાં કહે છે निगमकल्पतरोर्गलितं फलम् વેદરૂપ કલ્પતરુનું સ્વકીય સ્વયં, ટપકેલું, વિગલિત ફળ તે શ્રીમદ્ ભાગવત છે. વળી આ ફળનું દાન शुकमुखाद् સ્વયં શુકદેવજીના ( શુક–પોપટે આસ્વાદેલી કેરી સર્વથા મધુર જ હોય છે તેમ ) મુખારવિંદથી થયેલ છે. વળી આ નિગમકલ્પતરુનું ફળ अमृत-द्रवसंयुतम् છે, તેમાંથી ટપકતો રસ ઇંદ્રિયોનો સંતર્પક લૌકિક રસ નથી, ઇંદ્રિય સંતર્પણ કરનાર લૌકિક રસ તો છેવટે પોતે પણ વિનાશ પામનાર અને તેના ભોક્તાને પણ मृतसंयुतम् મરણ સાથે જોડનાર છે ત્યારે આ રસ તો अ-मृत संयुतम् અવિનાશી પરમતત્ત્વની પ્રાપ્તિ કરાવનાર છે. અથવા अमृतम् રસ તે બ્રહ્મરસ. ઉપનિષદોમાં વર્ણવેલ બ્રહ્મ શુષ્ક નથી પણ रसो वै सः रसं ह्येवायं लब्ध्वा आनन्दी भवति રસસ્વરૂપ છે જેનો અનુભવ કરનાર પોતે પણ अमृत અને आनन्द રૂપ



બને છે. ભગવાન વેદવ્યાસ કહે છે पिबत भागवतं रसमालयम् ભાગવત તો રસનું જ નિવાસસ્થાન છે. સામાન્ય આમ્રફળમાં તો ગોટલી, છાલ આદિ ત્યાજ્ય અંશ હોય છે-ભાગવતરૂપી ફળમાં કેવલ રસ જ છે.

અથવા आ-लयं रसं पिबत લય ન થાય, જન્મ મરણના ફેરા ટળી ન જાય ત્યાં સુધી સાધનદશામાં અને શરીર પડે તે પહેલાની સિદ્ધાદશામાં પણ આ રસ વારંવાર પીધા કરો, અથવા आ-लयम् મન, બુદ્ધિ વગેરેનો લય ન થાય, બ્રહ્મ સાથે સંવાદિતા ન સધાય ત્યાં સુધી આ રસ પીવો. ભાગવત તો સંવાદીજીવન માટે છે, મન, વાણી અને કર્મ વચ્ચે સંવાદિતા ન સધાય-જીવનમાં એકતાન ન થવાય, લય ન આવે ત્યાં સુધી આ ભાગવત રસ પીધા કરો. શ્લોકમાં છેલ્લે બે પ્રકારના રસિકો અને ભાવુકોને આ રસ વારંવાર પીવા અનુરોધ કરે છે. સાહિત્યના, સૌંદર્યના, સંગીતના, વાર્તાના કલાના રસિકોને અહીં રસ પ્રાપ્તિ થશે અને આર્દ્ર હૃદયના ભાવુકોને તેમની રસભાવનાનું સંતર્પણ થશે અને ક્રમશ તે પછી તેમની ભાવનાઓનું ઊર્ધ્વીકરણ પણ આ શાસ્ત્ર કરાવી આપશે એવી મહર્ષિની દૃઢ શ્રદ્ધા પ્રથમ સ્કંધના પહેલા અધ્યાય-ના આ ત્રીજા શ્લોકમાં પ્રગટ થઈ છે.

### પરદેશના લાઇફ મેમ્બરો

કેનેડામાંથી અધ્યાત્મના બે નવા લાઇફ મેમ્બરો નોંધાયા છે તેઓનાં નામ નીચે પ્રમાણે છે.

૨, શ્રી. સુરેશભાઇ બી. મિસ્ત્રી, ઓન્ટારીઓ રૂા. ૧૫૦૧

૩. ,, સુરેશભાઈ મો. શાહ ઓન્ટારીઓ રૂા ૧૫૦૧

અત્યાર સુધીમાં કુલ ત્રણ ભાઇઓ પરદેશમાંથી લાઇફ મેમ્બર થયા છે.

# રામકથા (૮).

( ગતાંકથી ચાલુ )

યોગેશ્વર

[મહાત્માશ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે લખાયેલ રામ કથાનો આ આઠમો હપ્તો છે. ]

રામે કહ્યું " એ સ્વયંવર જ છે : એવા ગુપ્ત સ્વયંવરોમાંથી કોઇ સફળ થાય છે. તો કોઇક નિષ્ફળ જાય છે. છતાં પણ એ સુખ તો આપે જ છે. તને પણ ઉર્મિલા પ્રત્યે આકર્ષણ થઇ રહ્યું છે. તો તેમાં કાંઈ ખોટું નથી. તારું એ આકર્ષણ સાર્થક ઠરે એવું સાચા દિલથી ઈચ્છી રહ્યો છું. અંતરમાં આકર્ષણ અને અનુરાગનો આવિર્ભાવ કરનાર વિધાતા સઘળું સારું જ કરશે. તને જો ઉર્મિલા મળશે તો તે તારે માટે યોગ્ય જ ઠરશે. પરંતુ એક વાત પુછી લઉં ? શંકરનુ મહાન ધનુષ્ય મારાથી તૂટી શકશે ? તને શું લાગે છે? "

" મને તો એમાં લેશમાત્ર શંકા નથી લાગતી. તમારા પ્રતાપ અથવા બળથી બીજા ભલે અજ્ઞાન હોય. પરંતુ હું તો તેથી સુપરિચિત છુ : મુનિના યજ્ઞ પ્રસંગે મેં તમારા અસાધારણ સામર્થ્યનું દર્શન કર્યું છે. તમે એ ધનુષ્યને અસ્વસ્થ ઉઠાવશો ને ચઢાવી શકશો. એક બીજી હકીકત કહું ? સીતાના હૃદયના દુર્ભેદ્ય ધનુષ્યને તો તમે તમારી મધુમયી દૃષ્ટિથી આજે તોડીજ નાખ્યું છે એના ટુકડે ટુકડા થઈ ગયા છે. એ તમારું બન્યું છે. એની આગળ પેલા બહારના ધનુષ્યની શી વિશાત છે? એ ધનુષ્ય પણ હવે તુટવાનું જ છે. આજની ઘટના એ ભાવિ પરાક્રમની સૂચક છે. "

" ધનુષ્ય નહિ તૂટે તો મને ભારે દુઃખ થશે. "

" પરંતુ એવી શંકાજ અસ્થાને છે. તમે આવા વિચારો વ્યક્ત કરીને મારી કસોટી કરી રહ્યા છો, કે શું ? શંકરનું ધનુષ્ય તમારા વિના બીજા કોઈથી નહિ તૂટે. એને ઉપાડવાની અને એના પર શરસંધાન કરવાની શક્તિ તમારામાં સંપૂર્ણપણે રહેલી છે. એ હું જાણું છું. મહર્ષિ વિશ્વામિત્ર સર્વજ્ઞ છે. એમનાથી કોઈ વાત છૂપી નથી એ તો તમે પણ જાણો છો, ભાવિ ઘટનાચક્રને જાણીનેજ, એને સફળ કરવા માટે એ આપણને અહિં લઇ આવ્યા છે. "



" તારી ધારણા સાચી ઠરશે તો મારા જેવી પ્રસન્નતા બીજા કોઈનેય નહિ થાય.

લક્ષ્મણે હસીને કહ્યું.

" તમારા જેવી પ્રસન્નતા બીજા કોઈનેય નહિ થાય. એવું કેમ માની લીધું. ! મારી ધારણા સાચી ઠરશે ત્યારે મને પણ એટલી જ પ્રસન્નતા થશે અને સીતાને પણ. "

રામ અને લક્ષ્મણ મહર્ષિ વિશ્વામિત્ર પાસે આવીને એમને પગે લાગ્યા એટલે મહર્ષિએ પુછ્યું.

" મિથિલા નગરી જોઇ લીધી ? કેવી લાગી ?

" આખી નગરી તો કેવી રીતે જોવાય ? રામે ઉત્તર આપ્યો : ' પરંતુ થોડી ઘણી જોઈ, નગરી ઘણીજ સુંદર, સ્વચ્છ તેમજ સુવ્યવસ્થિત છે. "

" નગરી તો જોઈ પરંતુ સાથે સાથે એક બીજી અદ્ભુત વસ્તુ નગરીની શોભા પણ જોઈ. લક્ષ્મણથી બોલ્યા વિના ના રહેવાયું.

" નગરીની શોભા ? કેવી શોભા ?

" મિથિલા નગરીની સર્વોત્તમ શોભા બીજી કેવી હોઈ શકે ? સીતાથી વિશેષ સુંદર અને સુશીલ કોણ છે ? એજ મિથિલાની શોભારૂપ છે. "

" એટલે તમને જનકનંદિની સીતાને જોવાનો અવસર મળ્યો ? એમ ? સીતાને તમે ક્યાં જોઇ ? "

લક્ષ્મણે સીધો ઉત્તર આપવાને બદલે રામ તરફ જોયું એટલે રામે કહ્યું.

" લક્ષ્મણ જે કહે છે તે બરાબર છે. નગરનું નિરીક્ષણ કરતાં

કરતાં અમે એકાએક રાજ પરિવારના ઉદ્યાનમાં પહોંચી ગયા. ત્યાંની સરસ ફૂલવાડીમાં અમે પ્રસન્નતા પૂર્વક વિહાર કરવા લાગ્યા. એજ વખતે ત્યાંના જગદંબા મંદિરમાં પૂજા કરવા માટે પોતાના નિયમ પ્રમાણે સીતા આવી પહોંચી. રામ અને લક્ષ્મણે એ આખીય ઘટના વિસ્તારથી કહી બતાવી. એટલે મુનિ વિશ્વામિત્રે એમની પ્રતિક્રિયા જોઈને પ્રસન્ન સ્વરમાં કહેવા માંડ્યું :

'સીતા મિથિલા નગરીનું જ નહિ, પરંતુ સમસ્ત જગતનું એક મહાન અમુલ્ય સૌન્દર્યરત્ન છે, એવી વાત મેં વારંવાર કહી છે. તેની હવે તમને પણ ખાતરી થઈ, એ જાણીને મને અનેરો આનંદ થઈ રહ્યો છે, સીતા તરફનું તમારું આકર્ષણ કેવળ મોહથી પ્રેરાઈને નથી થઈ રહ્યું, એ આકર્ષણ ભાવિનો સંકેત કરે છે, સીતા પણ એવા જ આકર્ષણનો અનુભવ કરી રહી હશે, એ બતાવે છે કે તમારા બંનેનાં હૃદય રાગમય બનીને એક થવા માટે જ સરજાયેલાં છે. લક્ષ્મણ અને ઉર્મિલાને માટે પણ એ વાત એટલી જ સાચી સમજવાની છે. એમનું આકર્ષણ અથવા મિલન પણ નિરર્થક નહિ થાય. મારી આર્ષદૃષ્ટિથી હું એ સ્પષ્ટ જોઈ રહ્યો છું.'

થોડીક વાર શાંત રહીને મુનિ ફરી બોલ્યા :

'તમે સીતાને જોઈ શક્યા તે ઘણું સારું થયું. વિધાતાએ જ તમારો પરસ્પર પરિચય કરાવવા એ અવસર ઉભો કર્યો. સીતાનું સ્વરૂપ તમને કેવું લાગ્યું ? એને નિહાળીને તમારા અંતરમાં કેવો ભાવ પેદા થયો ?'

રામ બોલ્યા :

"મને તો એવું લાગ્યું કે કોઈક અપ્સરા, ગંધર્વ કન્યા અથવા વનકન્યા પોતાના રિક્ત રાગ રંગ્યા હૃદય સાથે પ્રિયતમની શોધમાં પુષ્પો, વૃક્ષો અને વિટપોવાળી ઉદ્યાનમાં વિહાર કરી રહી છે. કોઈક હૃદય દેવતાના શ્રીચરણમાં એ પોતાના પ્રાણની પૂજાને અર્પણ કરવા માટે આતુર છે.



'અને મારા પર એવી છાપ પડી ' લક્ષ્મણે કહ્યું : ' કે એકલા એ એકાંત રસમય ઉદ્યાનના જ નહિ, પરંતુ સમસ્ત સૃષ્ટિના મંગલમય મંદિરમાં વિરાજેલી જગદંબા પોતે જ પ્રકટ થઇ અને સ્થૂળરૂપ ધારણ કરી ઉદ્યાનમાં રહી છે, ને પોતાની જ પૂજા કરવા પોતાના મંદિરમાં પ્રવેશવા તૈયાર થઇ છે.'

વિશ્વામિત્રે સ્મિત કરીને કહ્યું.

'તમારા બંને પર પડેલી પ્રતિક્રિયા તમારા વ્યક્તિગત ભાવોને અનુકુળ જ છે. એમાં સંદેહ નથી. એ પ્રતિક્રિયા જોઈને મને આનંદ થાય છે.'

લક્ષ્મણે સાહસ કરીને પૂછી નાખ્યું :

'મહારાજા જનકે તો એકલી સીતાનો જ સ્વયંવર નક્કી કર્યો છે ને ?'

'હા,' સ્વયંવર તો એકલી સીતાનો જ થઈ રહ્યો છે. પરંતુ તમે ચાર ભાઇ છો એટલે વિધાતાએ તમારા ચારના વિવાહ કરવાનુ નક્કી કર્યું છે. એમાં કશો જ ફેર નહિ પડે.'

'રામે વિશ્વામિત્રને વિનવતાં કહ્યું.

'કાં તો એવું કરી દો કે મારા હૃદયમાંથી સીતાને માટેનો રાગ દૂર થાય કે પછી એવો આશીર્વાદ આપો કે સીતાના સ્વયંવરમાં મને સફળતા મળી જાય. તમારો આશીર્વાદ અમોઘ છે. એવો મારો વિશ્વાસ છે.'

'સીતાનો તથા તમારો સ્નેહ તો સનાતન છે. અને તમારે માટે જ નહિ પરંતુ બીજાને માટે પણ મંગલકારક છે, એટલે એ દૂર નહિ થાય. પરંતુ સ્વયંવરમાં તમારી સફળતા નિશ્ચિત છે. એ માટે મારા અંતરના અંતરમમાંથી આશીર્વાદ છે.

એ આખોય દિવસ રામ અને લક્ષ્મણને માટે ભારે વિચિત્ર ગયો. બીજા વ્યાપારમાં પરોવાયા છતાં એમનું મન એ ઉદ્યાન અને એ ફોરમવંતી ફૂલવાડીમાં જ ફરતું રહ્યું.

રામની આંખ આગળ ક્ષણે ક્ષણે સીતાનું સુધામય મનહર મુખ રમવા માંડયું, ને લક્ષ્મણની આંખ આગળ ઉર્મિલાનું:

ઉભયના મન મધુપ એ કમનીય કમલિનીનો રસાસ્વાદ લેવા લાગ્યા. અલબત્ત કલ્પનાના જગતમાં.

આંખ ક્વચિત ઉભરાવા લાગી. અંતર એક પ્રકારની ગૂઢ અકથ્ય અકળામણ અનુભવવા લાગ્યાં. વાણી અસ્પષ્ટ વાતો કરવા માંડી, પ્રાણ મધુર જેવી પીડાના પાવકને કિનારે જઈ પડયો, અને આત્માને એમ થવા માંડયું કે જાણે, એક થઈએ; શરીરના, દેશના ને કાળના બાહ્યના બંધનને તોડીને મળી જઈએ.

પરંતુ સંજોગોને જોઈને શાંત થયા કે રહ્યા સિવાય છૂટકો ન હતો.

આવું કેમ થયું એની સમજ એમને ના પડી પરંતુ થયું એ ચોક્કસ.

સ્નેહ અને એની અસર વિશે એમણે સાંભળ્યું તો હતું જ, આજે એનો એમને અનુભવ થયો. (ક્રમશઃ)

તમને ખરેખર ભક્ત અથવા સાધુ બનવું જોઈએ. પછી લોકો તમને ભક્ત કે સાધુ કહે કે નહિ, તેની ચિન્તા ન કરો.

**શ્રી યોગેશ્વર**

## કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭

## અધ્યાત્મને ભેટ

અધ્યાત્મને ભાઈ **શ્રી** ચંદ્રકાન્ત પંડયા. એ (મું. ખીરસરા) તેઓએ બનાવેલ નવા મકાનના મંગલ પ્રવેશ પ્રસંગે, શુભ ભેટ તરીકે રૂા. ૧૦૫૧–૦૦ જેવી માતબર રકમ આપી છે તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

શ્રી. ચંદ્રકાન્તભાઈ ગામડાની શાળામાં શિક્ષક છે, પરંતુ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીમાં અનન્ય શ્રદ્ધા ધરાવે છે. તેઓએ આપેલી આ ભેટ તેમની સ્થિતિ પ્રમાણે ઘણી વધારે છે. તેમની ભાવનાની કદર કરવામાં આવે છે–તેઓનું સર્વ પ્રકારે શુભ ને મંગલ થાઓ, એજ પ્રભુને પ્રાર્થના.

રૂા. ૧૭૬ શ્રી. અંબાલાલભાઈ એમ. મિસ્ત્રી, રાજીએ પોતાના પુત્રના લગ્ન પ્રસંગે.

રૂા. ૫૧ એક શુભેચ્છક કપની તરફથી.

રૂા. ૨૫ એક શુભેચ્છક વ્યક્તિ તરફથી.

આ રીતે કુલ રૂા. ૧૩૦૩ ની ભેટ આ મહિનામાં અધ્યાત્મને પ્રાપ્ત થઈ છે.

### નોંધ

અધ્યાત્મ ૧૯૮૧નો અંક ખલાસ થઈ ગયો છે. જે ગ્રાહકોને તે નહિ મળ્યો હોય તેમનું લવાજમ નવે. ૮૧થી ગણવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી છે.

### લાઈફ મેમ્બર

૧૭૯ ઠાકોરભાઈ એમ શાહ. વડોદરા રૂા. ૨૫૧–૦૦
૧૮૦ ચીમનભાઈ હરીભાઈ અમીન. વડોદરા ,,
૧૮૧ ભુરાભાઈ ચમનાજી પલીવાળ (પુરોહિત) પાલનપુર ,,
૧૮૨ હરજીવનભાઈ સી. પુરોહિત (રાજગોર). પાલનપુર ,,
૧૮૩ જીતેન્દ્રકુમાર હંસરાજ પુરોહિત. પાલનપુર ,,

# સેવાનો સંદેશ

દિવાળી ને અન્નકુટના ઉત્સવમાં તું ઉત્સાહ સાથે શામેલ થાય છે. ને ભાતભાતના ભોજનનો આનંદ માણે છે. પણ તારી પાસેના જ મકાનમાં-મહોલ્લામાં ને મારગ પર, અન્ન વિના બેચેન બનતાં ને ભૂખ્યાં માણસો જીવી રહ્યા છે, તેની તને ખબર છે? તારા ભોજનનાં થાળને અડકતાં પહેલાં તેમને માટે પણ બનતો હિસ્સો અલગ કર, ને તારા અન્નકુટના અન્નને તેમની પાસે પણ પહોંચતું કર.

દિવાળી અન્નકુટ ને બીજા ઉત્સવમાં તું ઉત્સાહ સાથે શામેલ થાય છે, ને ભાતભાતનાં કપડાં સાથે શરીરની સજાવટ કરીને ફરે છે. પણ તારી પાસેનાં જ મકાનમાં—મહોલ્લામાં મારગપર શરમને જેમતેમ કરીને સાચવતાં, વસ્ત્રોવાળાં ને વસ્ત્રો વિનાના માણુસો જીવી રહ્યા છે. તારા શરીરને સજાવતી વખતે તેમનો પણ વિચાર કર, ને એકાદ વસ્ત્રને તેમની પાસે પહોંચતું કર.

અનાથ ને અપંગ તથા પછાત ને પીડિતની પરિચર્યા કરીને, તારા તહેવાર ને સમગ્ર જીવનનો ઉત્સવ સૌમાં રહેલા પ્રભુના પ્રકાશનું દર્શન કરીને, સૌને મદદરૂપ થઈને જીવનનો ઉત્સવ કર.

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફોકનો ડેલો, લોખંડબજાર, ભાવનગર.